અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૪ ઓગસ્ટ ૨૦૨૩, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, અ.શ્રાવણ વદ તેરસ | અંક : ૨૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઘાટલોડિયામાં અમિત શાહે તિરંગા યાત્રાનો કરાવ્યો પ્રારંભ : પીએમ મોદીના પ્રયાસથી જ કાશ્મીરમાં શાનથી લહેરાઈ રહ્યો છે તિરંગો : ભૂપેન્દ્ર પટેલ

# યુવા પેઢી ભારતને એક ભારત, શ્રેષ્ઠ ભારત બનાવશે : અમિત શાહ

## દરેક ક્ષેત્રમાં દેશને નંબર-૧ બનાવીશું, ૧૫ ઓગસ્ટ ૨૦૨૩થી ૨૦૪૭ સુધી આઝાદીનું અમૃત કાળ મનાવાશે





। અમદાવાદ, તા.૧૩ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હર ઘર તિરંગા અભિયાનની શરૂઆત કરાવી. આજથી ૧૫ ઓગસ્ટ સુધી પોતાના ઘર પર તિરંગો લહેરાવી લોકોને સેલ્ફી અપલોડ કરવા તેઓએ આહવાન કર્યું છે. તો બીજી તરફ, અમદાવાદના ઘાટલોડિયામાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે છસ્ઙ્ગની તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયાસથી જ કાશ્મીરમાં શાનથી તિરંગો લહેરાઈ રહ્યો છે. અમદાવાદના ઘાટલોડિયામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં તિરંગા યાત્રા નીકળી હતી. હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ઘાટલોડિયાથી નિર્ણય નગર સુધી તિરંગા યાત્રા નીકળી હતી.

અમદાવાદના આંગણે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રસ્થાન કરાવ્યુ હતું. આ પ્રસંગે અમિત શાહ, મુખ્યમંત્રી, હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા. તો મોટી સંખ્યામાં શહેરીજનો તિરંગા યાત્રામાં જોડાયા હતા. ઘાટલોડિયાથી નિર્ણયનગર સુધી ભવ્ય તિરંગા યાત્રા શાનદાર બની રહી હતી. આ પ્રસંગે અમિત શાહે કહ્યું કે, દરેક ક્ષેત્રમાં દેશને નંબર-૧ બનાવીશું. ૧૫ ઓગસ્ટ ૨૦૨૩થી ૨૦૪૭ સુધી આઝાદીનું અમૃત કાળ મનાવાશે. સાથે જ દરેક ઘરમાં તિરંગો લહેરાવી સેલ્ફી અપલોડ કરવા શાહે લોકોને અપીલ કરી. તો મુખ્યમંત્રીએ કહ્યું, પહેલા કાશ્મીરમાં તિરંગો લહેરાવવા લડવું પડતું હતું. આજે આખુ અમદાવાદ તિરંગાના રંગે રંગાયું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સંબોધનમાં જણાવ્યું કે, મોદીજીએ આઝાદીના અમૃત મહોત્સવના વર્ષને સારા ભાવ સાથે દેશની જનતા સામે મુક્યો. ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી ૯૦ વર્ષ સુધી આઝાદીનો સંઘર્ષ, જેના પરિણામ સ્વરૂપે બનેલો આપેલો દેશ ૭૫ વર્ષથી આગળ વધી રહી છે. આઝાદી મળી એની પાછળ કરોડો લોકોએ ૯૦ વર્ષ સંઘર્ષ કર્યો. અનેક લોકો યુદ્ધના મેદાનમાં હસતા હસતા તોપના ગોળા સામે ઊભા રહ્યા. ભગતસિંહ જેવા વીર શહિદ ફાંસીએ ચઢ્યા હતા. ૧૭ વર્ષના યુવાનો દેશ માટે શહીદ થયા. આપણા પૂર્વજોએ આપેલો બલિદાન એ આપણા માટે સંસ્કાર છે. ૭૫ વર્ષ આઝાદી માટે થયો, આજે મરી તો ના શકીએ, પણ દેશ માટે જીવવા માટે કોઈ રોકી ના શકે. નરેન્દ્ર મોદીજીએ દેશમાં દેશભક્તિની હવા ચલાવી છે. મોદીજીએ કહ્યું છે, ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ થી ૨૦૪૭ સુધી આઝાદીનો અમૃતકાળ મનાવીશું. અમૃતકાળ યુવા પેઢીઓ માટે છે. જેમ ૯૦ વર્ષ સુધી યુવાનોએ આઝાદીનું નેતૃત્વ કરી, આઝાદી અપાવી. એમ જ ૨૦૨૩ થી ૨૦૪૭ સુધી યુવાઓએ ભારતને મહાન બનાવવાનું છે. મારી સામે હજારો લોકો તિરંગા સાથે ઉભા છે. ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ એ એક પણ ઘર નહતું જેના પર તિરંગો નહતો ફરકાવ્યો. મોદીજીએ ફરી આહવાહન કર્યું છે, ૬.૫ કરોડનું ગુજરાત, ૧ કરોડ પરિવાર તિરંગો લહેરાવશે. સૌભાગ્યની વાત છે, મારા મતક્ષેત્રમાં મોટું આયોજન થયું છે. મેરી મિટ્ટી, મેરા દેશ અંતર્ગત યુવાનો માટી લઈને નીકળશે અને મોદીજી સુધી પહોંચાડશે. આજે હું મંચથી મારા મતક્ષેત્રના ભાઈ બહેનો અને રાજ્ય સહિત દેશને અપીલ કરું છું કે ૧૫ ઓગસ્ટ સુધી ઘરે તિરંગો લહેરાવો, સેલ્ફી ઓનલાઈન અપલોડ કરો. જે ઉત્સાહ સાથે યુવાનો ઉભા છે, એ દેશભક્તિની ચરમસીમાએ લઈ જશે. મારી તમામને અપીલ કે, તિરંગો ઉઠાવી સૌ કોઈ વંદે માતરમ બોલી તિરંગો લહેરાવે. તો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યુ હતું કે, એકસમયે કાશ્મીરમાં તિરંગો લહેરાવવામાં સંઘર્ષ કરવો પડતો હતો. આપણા નરેન્દ્રભાઈ એ તિરંગો લહેરાવ્યો હતો. જે કહેતા હતા કે ૩૭૦ નાબૂદ કરશો તો લોહીની નદીઓ વહેશે, એમને ક્યાં ખબર હતી કે દેશના ગૃહમંત્રી અમિત શાહ છે. આજે ત્યાં શાનથી તિરંગો લહેરાઈ રહ્યો છે. પોલીસ, BSF, CRFS, સીમા સુરક્ષા દળોએ દેશનું ગૌરવ વધાર્યું છે. મારી માટી, મારો દેશના અભિયાનના ભાગરૂપે રાષ્ટ્ર ઉત્સવની ઉજવણી માટે હર ઘર તિરંગાનું અભિયાન આ વર્ષ પણ અપાયું છે. ૧૫ ઓગસ્ટ સુધી ૧ કરોડ તિરંગા રાજ્યમાં ફરકાવવાનું આયોજન થયું છે. દેશ સ્વતંત્રતાનો જંગ લડતો હતો તે સમયની અનેક ગાથાઓ તિરંગામાં સમાયેલી છે.

---

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં ૧૬ ઓગસ્ટ પછી મેઘરાજા તોફાની બેટિંગ કરશે

। નવી દિલ્હી, તા.૧૩ ।

USની હવામાન વિભાગની એજન્સીએ જણાવ્યું હતું કે અલ નીનોની ઈફેક્ટથી ભારતમાં ચોમાસા પર થોડી બ્રેક લાગી શકે છે. તેવામાં ગુજરાત રાજ્યમાં પણ છેલ્લા ૧૦થી વધુ દિવસથી વરસાદી માહોલ છવાયેલો રહે છે પરંતુ ક્યાંય પડી રહ્યો નથી. ખેડૂતો અત્યારે ચોમાસાની રાહ જોઈને બેઠા છે પરંતુ વરસાદ આવે અને ધોધમાર પડે એવી કોઈ સિસ્ટમ સક્રિય ન થઈ હોય એમ જણાઈ રહ્યું છે. જોકે નિષ્ણાંતો અલગ તારણ કાઢી રહ્યા છે અને જણાવી રહ્યા છે કે ૧૬થી ૧૮ ઓગસ્ટ દરમિયાન વરસાદ ફરીથી ધોધમાર ખાબકી શકે છે અને નવી સિસ્ટમ સક્રિય થવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે વરસાદ હવે ક્યારે પડશે એ સવાલ દરેકના મનમાં ઉઠી રહ્યો છે. નોંધનીય છે કે નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ હવે હળવાથી મધ્યમ વરસાદ રહેવાની ધારણા છે. ઉલ્લેખનીય છે કે આ દરમિયાન ગુજરાતના કેટલાક વિસ્તારોમાં સામાન્યથી હળવા વરસાદ પડવાની સંભાવના રહેલી છે.

---

### મહારાષ્ટ્ર સરકારે ઘટનાની તપાસના આદેશ જારી કર્યા

## થાણેની સરકારી હોસ્પિટલમાં ૨૪ કલાકમાં ૧૮ના મોત થયા

### આ તમામ મૃત્યુ એકનાથ શિંદેના હોમ ટાઉન થાણેની છત્રપતિ શિવાજી મેમોરિયલ હોસ્પિટલમાં થયા છે



। થાણે, તા.૧૩ ।

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના વતન થાણે જિલ્લામાં સ્થિત કાલવાની છત્રપતિ શિવાજી મહારાજ હોસ્પિટલમાં એક જ રાતમાં ૧૭ દર્દીઓના મોતથી ખળભળાટ મચી ગયો છે. આ દુર્ભાગ્ય પૂર્ણ ઘટના બાદ કલવાની આ હોસ્પિટલમાં રાજકીય પક્ષોના નેતાઓની કતાર લાગી છે. રાજકારણીઓ હોસ્પિટલ પ્રશાસન પાસે જવાબ માંગી રહ્યા છે. પૂર્વ મંત્રી જિતેન્દ્ર આવ્હાડ, શિવસેનાના દિવંગત નેતા આનંદ દિઘેના ભત્રીજા કેદાર દિઘે પણ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. બે દિવસ પહેલા પણ આ હોસ્પિટલમાં પાંચ લોકોના મોત થયા હતા. તે જ સમયે ૧૭ લોકોના મોત થયા હતા, જેમાંથી ૧૩ આઈસીયુમાં હતા. આ મોતમાં હોસ્પિટલ પ્રશાસનની બેદરકારી સ્પષ્ટ દેખાઈ રહી છે. કેદાર દિઘેનો આરોપ છે કે કોન્ટ્રાક્ટરો અહીં સ્વચ્છતા પર ધ્યાન આપતા નથી. સાથે જ મંત્રી ગિરીશ મહાજને આ મામલે તપાસના આદેશ આપ્યા છે. છેલ્લા ચાર દિવસમાં હોસ્પિટલમાં મૃત્યુઆંક વધીને ૨૨ થયો છે. હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. જણાવવામાં આવી રહ્યું છે કે સમયસર સારવાર ન મળવાને કારણે આ દર્દીઓના મોત થયા છે. આ સમગ્ર મામલે આ હોસ્પિટલના ડીને પણ મીડિયા સામે પોતાનું સ્ટેન્ડ રજૂ કર્યું છે.

---

### સામે આવ્યું જીવલેણ હુમલાનું કારણ

## શ્રી રાજપૂત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ પર ફાયરિંગ

### ઉદયપુરમાં ફાયરિંગ કર્યા બાદ આરોપીને ત્યાં હાજર ભીડે પકડી લીધો હતો અને જોરદાર માર માર્યો હતો

। ઉદયપુર, તા.૧૩ ।

ઉદયપુરમાં રવિવારે એક મોટી ઘટના સામે આવી છે. અહીં એક કાર્યક્રમ દરમિયાન શ્રી રાજપૂત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ ભંવર સિંહ પર ગોળીબાર થયો હતો. આટલું જ નહીં, ફાયરિંગ કર્યા બાદ આરોપીને ત્યાં હાજર ભીડે પકડી લીધો હતો અને જોરદાર માર માર્યો હતો. ત્યાંથી એક પોલીસ જીપ પસાર થઈ રહી હતી, જેમાં બેઠેલા અધિકારીઓ અને જવાનોએ આરોપીને ભીડમાંથી બહાર કાઢ્યો અને પોલીસ સ્ટેશન લઈ ગયા. આ ઘટના શહેરના ભૂપાલપુરા પોલીસ સ્ટેશન વિસ્તારની બીએન યુનિવર્સિટીમાં બની હતી, જ્યાં રાજપૂત કરણી સેનાની બેઠક ચાલી રહી હતી. ઘાયલ પ્રદેશ પ્રમુખ ભંવર સિંહને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. શ્રી રાજપૂત કરણી સેનાના બરગાંવ જિલ્લા પ્રમુખ નરેન્દ્ર સિંહ મોજાવતે જણાવ્યું કે, ૨૩ સપ્ટેમ્બરે રાજપૂત કરણી સેનાનો સ્થાપના દિવસ છે.

---

### લોકોને તેમના ઘરે ત્રિરંગો ફરકાવવાની અપીલ

## PM મોદીએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટનું DP બદલ્યું

। નવી દિલ્હી, તા.૧૩ ।

'હર ઘર તિરંગા અભિયાન ચાલો આપણે આપણા સોશિયલ મીડિયા એકાઉન્ટની ડીપી બદલીએ અને આ અનોખા અભિયાનને સમર્થન આપીએ જે આપણા પ્રિય દેશ અને આપણી વચ્ચેના સંબંધોને વધુ ગાઢ બનાવશે.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ શબ્દો સાથે તેમના ડીપીને ચેન્જ કરી છે. તિરંગા અભિયાનમાં દેશને પ્રેરણા આપતા પીએમએ પોતાની પ્રોફાઈલ પિક્ચર પર ત્રિરંગો લગાવ્યો છે. તેણે X, Facebook અને Instagram પર પોતાનું ડ્ઢ ચેન્જ કર્યું છે. નાગરિકોમાં દેશભક્તિની ભાવના વધે તે માટે આજથી દરેક ઘરે ત્રિરંગા અભિયાન શરૂ થશે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે કહ્યું કે, દરેક વ્યક્તિ તિરંગા સાથે પોતાની સેલ્ફી અપલોડ કરીને આ અભિયાનમાં ભાગ લઈ શકે છે.

---

## રાજસ્થાનથી ગુજરાત રાજ્યમાં દારૂની રેલમછેલ



। ડુંગરપુર, તા.૧૩ ।

ડુંગરપુરથી અડીને આવેલા પાડોશી રાજ્ય ગુજરાતમાં દારુ પર પ્રતિબંધ છે. આ જ કારણ છે કે, રાજસ્થાનના ડુંગરપુરના રસ્તા પરથી સૌથી વધારે દારુની તસ્કરી ગુજરાતમાં થાય છે. પોલીસ તરફથી તેના પર કાર્યવાહી પણ થાય છે. પણ દારુ તસ્કર હંમેશા તસ્કરી માટે નવો રસ્તો અપનાવી રહ્યા છે. ડુંગપુર પોલીસે ૭ મહિનામાં ૩ કરોડ રૂપિયાનો દારુ પકડ્યો છે. તેમાંથી સૌથી મોટી કાર્યવાહી બિછીવાડા પોલીસ તરફથી ગુજરાત બોર્ડર પાસે કરી છે.

એસપી કુંદન કવરિયાએ જણાવ્યું કે, ડુંગરપુર પડોસી ગુજરાત રાજ્યથી અડીને આવેલ છે. ગુજરાતમાં દારુ પર પ્રતિબંધ છે. તેમ છતાં દારુ તસ્કરો મોટો નફો કમાવવા માટે ગુજરાતમાં દારુની તસ્કરી કરે છે. તેના પર રોક લગાવવા માટે પોલીસ તરફથી ખૂબ જ કડકાઈ વર્તવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, આ વર્ષમાં અત્યાર સુધીમાં ૪૨૨ કાર્યવાહી થઈ છે. તેમાંથી ૪૩ હજાર ૪૮૪ બોટલ દારુની ઝડપાઈ છે. સૌથી વધારે અંગ્રેજી દારુની ૩૧ હજાર ૯૭૧ બોટલ છે. જ્યારે ૧૬૦ બોટલ દેશી દારુ અને ૨ હજાર ૬૧૭ બોટલ હાથે બનાવેલ દારુ છે. જો કે, દેશી દારુ સ્થાનિક સ્તર પર જ લોકો ઉપયોગ કરે છે.

પોલીસ તરફથી પકડવામાં આવેલી દારુની બજાર કિંમત લગભગ ૩ કરોડ ૫૦ લાખ રૂપિયા હોવાનું કહેવાય છે. પોલીસે આ કાર્યવાહીમાં ૨૮ મોટી ગાડી પકડી છે. જેમની પાસેથી દારુની મોટી ખેપ પણ પકડાઈ ગઈ છે. પોલીસે દારુ તસ્કરી વિરુદ્ધ કાર્યવાહી કરતા ૪૩૪ તસ્કરોની પણ ધરપકડ કરી છે. તેમાં કેટલાય મોટા તસ્કર છે, જે દારુને રાજસ્થાનથી ગુજરાત તસ્કરીના કારોબારમાં લાંબા સમયથી જોડાયેલ છે.






અમદાવાદમાં દિવસ દરમિયાન વારસાદના ઝાપટા પડ્યા હતા.

# પાંચ દિવસના મીની વેકેશનને પગલે પ્રવાસન સ્થળે ગુજરાતીઓનો ધસારો

## મીની વેકેશનના માહોલના પગલે ગોવા, દીવ, સાપુતારા, માઉન્ટ આબુ, ઉદયપુર, માટે પ્રવાસીઓનો ધસારો વધ્યો

| અમદાવાદ,તા.૧૩ |

આજથી પાંચ દિવસનું મીની વેકેશન શરુ થયુ છે. જેના પગલે ગુજરાતીઓએ પણ પ્રવાસ માટેનું મન બનાવી લીધુ છે. જોકે મીની વેકેશનના માહોલના પગલે ગોવા, દીવ, સાપુતારા, માઉન્ટ આબુ, ઉદયપુર, માટે પ્રવાસીઓનો ધસારો વધ્યો છે. જેના કારણે આ પ્રવાસન સ્થળોઅ હોટેલોમાં તો ફુલ બૂકિંગ જોવા મળી જ રહ્યુ છે, સાથે જ એરફેરમાં પણ દેખીતો વધારો જોવા મળી રહ્યો છે. આજે બીજો શનિવાર અને આવતીકાલે રવિવારની રજા છે. મંગળવારની સ્વતંત્રતા દિવસની રજા આવે છે. તો બુધવારે પણ પતેતીની જાહેર રજા છે. જેના પગલે બેંક, સરકારી કચેરીઓમાં અનેક કર્મચારીઓ તેમજ અધિકારીઓએ ૧૪ ઓગસ્ટ સોમવારની રજા લઈ લીધી છે. જેથી તેમને પરિવાર સાથે મીની વેકેશનનો આનંદ માણવા મળી શકે. ગુજરાતીઓએ આ પાંચ દિવસ દરમિયાન નજીકના સ્થળોએ ફરવા જવાનું આયોજન કર્યુ છે. જેના પગલે અમદાવાદ-ગોવાનું વન-વે એરફેર ૧૨૫ ટકા વધીને રુપિયા ૧૦૫૦૦ થઈ ગયું છે. તો હોટેલ-રીસોર્ટ્સમાં પણ ભાડા વધી ગયા છે. આવતીકાલે બીજો શનિવાર, મંગળવારે સ્વતંત્રતા દિવસ અને બુધવારે પતેતી છે. જેના કારણે સરકારી કચેરી-બેંકોમાં અનેક કર્મચારીઓ દ્વારા ૧૪ ઓગસ્ટ-સોમવારના રજા મૂકવામાં આવી છે. જેનાથી તેઓને પાંચ દિવસનું મિની વેકેશન મળી શકે. ચોમાસાને પગલે અમદાવાદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાપુતારા, ડાંગ, પોળો જંગલ, દીવ, દમણ જેવા નજીકના સ્થળોમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળશે. આ ઉપરાંત માઉન્ટ આબુ, ઉદયપુર, કુંભલગઢ, લોનાવલા જેવા સ્થળો પણ પ્રવાસીઓમાં ફેવરિટ છે. ઉદયપુરના અને માઉન્ટ આબુમાં હોટેલ-રીસોર્ટ્સમાં સામાન્ય દિવસો કરતાં વધારે ભાડું ચૂકવવા છતાં પણ હાલમાં રૂમ મળી રહ્યા નથી.

મીડિયા રિપોર્ટસ અનુસાર અમદાવાદથી લોનાવાલા-મહાબળેશ્વર માટે પૂણેની પાંચ ફલાઈટ ઉપલબ્ધ છે. સાથે જ અમદાવાદથી બાગડોગરા, કોચીન, જયપુરની પણ ડાયરેકટ ફલાઈટ છે. અમદાવાદથી વિશેષ કરીને ગોવા જવા માટે ધસારો જોવા મળતો હોય છે. સામાન્ય દિવસોમાં અમદાવાદથી ગોવાની વન-વે ફલાઈટનું ભાડુ રુપિયા ૩૧૦૦થી રૂપિયા ૩૫૦૦ની આસપાસ હોય છે. પરંતુ મિની વેકેશનને પગલે આ ભાડું રૂપિયા ૯૫૦૦થી રુપિયા ૧૦૫૦૦ની આસપાસ છે.

# પંચમહાલની પંચામૃત ડેરીએ દૂધના ફેટના ભાવમાં વધારો કર્યો

| પંચમહાલ,તા.૧૩ |

પંચમહાલ જિલ્લાની પંચામૃત ડેરીએ દૂધના ફેટના ભાવમાં વધારો કર્યો છે. પશુપાલકોના હિતને જોતા પંચામૃત ડેરીએ દૂધના ફેટના ભાવમાં કિલો ફેટે ૨૦ રૂપિયાનો વધારો કર્યો છે. આ નવા ભાવ સાથે પશુપાલકોને કિલો ફેટ દીઠ રૂપિયા ૮૨૦ ચૂકવવામાં આવશે. આ ભાવ વધારો ૨૧મી ઓગષ્ટથી અમલી બનશી. આ ભાવવધારાથી પંચમહાલ સહિત, મહીસાગર અને દાહોદના હજારો પશુપાલકોને ફાયદો થશે.

પંચમહાલ ડેરીની ૫૦મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમા દાહોધના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, ઝાલોદના ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા, લુણાવાડાના માજી ધારાસભ્ય કાળુભાઈ માલીવાડ, અમૂલ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતા, દૂધ સંઘના નિયામક મંડળના સભ્યો, સભાસદો, મંડળીના ચેરમેન, સેક્રેટરીઓ સહિતના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડેરીની સાધારણ સભા દરમિયાન દૂધ સંઘના મેનેજિંગ ડિરેક્ટર મિતેષ મહેતાએ સભાને સંબોધી હતી. ત્યારબાદ અધ્યક્ષ જેઠાભાઈ ભરવાડે જાહેર સભાને સંબોધન કર્યુ હતુ. જેમા તેમણે તેમના ૧૪ વર્ષના કાર્યકાળ દરમિયાન સૌના સાથ સહકાર થકી થયેલા વિકાસકામોનો ચિતાર રજૂ કર્યો હતો. સાથે જ ચેરમેને જણાવ્યુ હતુ કે દૂધ ઉત્પાદનમાં પાંચ ગણો વધારો કરી વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન દૈનિક દૂધ સંપાદન ૨૦ લાખ ૫ હજાર કિલો થયુ છે. જે વાર્ષિક ૭૩ કરોડ ૧૭ લાખ કિલો દૂધ સંપાદન થયુ છે અને સરેરાશ દર ૧૦ દિવસે રૂપિયા ૯૦ કરોડનું ચુકવણુ કરવામાં આવ્યુ છે.છેલ્લા ૧૪ વર્ષમાં દૂધ ઉત્પાદકોને ત્રણ ગણુ વધારે વળતર ચૂકવતા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સરેરાશ પ્રતિ કિલો ફેટના રૂપિયા ૮૮૩ ચૂકવ્યા હતા. દૂધ સંઘના ટર્ન ઓવરમાં ૧૪ વર્ષમાં ૧૧ ગણા વધારા સાથે અને ગત વર્ષ કરતા ૨૯% વધારા સાથે દૂધ સંઘનું વર્ષ ૨૦૨૨-૨૩નું ટર્ન ઓવર રૂપિયા ૪૧૫૪ કરોડ થયુ છે.

### અમદાવાદમાં મોડી રાતે મેગા ઓપરેશન

# MLAનું બોર્ડ લગાવીને કારમાં ફરતા યુવકને પોલીસે ઝડપી લીધો

| અમદાવાદ, તા.૧૩ |

યંગસ્ટર ઠાઠમાઠથી તૈયાર થઈને સમીસાંજે સરખેજ, સિંધુભવન રોડ, એસજી હાઈવે સહિતની જગ્યાઓ પર રોલો મારવા માટે નીકળી પડતાં શહેરની તાસીર અચાનક બદલાઈ જાય છે. બેફામ વાહન ચલાવીને સ્ટંટ કરવા, જોર જોરથી સાઉન્ડ વગાડીને કાર ચલાવવી આજે નબીરાઓના શોખ થઈ ગયા છે. ત્યારે સરખેજમાં રોફ જમાવવો યુવકોને ભારે પડ્યો છે. રોલા મારતા વસ્ત્રાલના બે યુવકોની સરખેજ પોલીસે ધરપકડ કરી છે. મોડી રાતે પોલીસ ચેકિંગ કરતી હતી ત્યારે કાર પર એમએલએનું બોર્ડ લગાવીને ફરતા યુવકને સરખેજ પોલીસે ઝડપી પાડ્યો હતો સરખેજ પોલીસ મોડી રાતે બંદોબસ્તમાં વ્યસ્ત હતી ત્યારે એમએલએ બોર્ડવાળી એક કાર પુરઝડપે આવી રહી હતી. પોલીસે કારચાલકને રોકીને તેની ધરપકડ કરી લીધી હતી. યુવકનું નામ ક્રિશ પટેલ છે. જેનો કોઈ સંબંધી પણ એમએલએ નથી. ક્રિશની ધરપકડ કરી ત્યારે તેણે અમરાઈવાડીના ધારાસભ્ય હસમુખભાઈ પટેલ સંબંધી હોવાનું કહીને પોલીસને ખોટું બોલ્યો હતો. ગ્રૂપમાં સિનસ પાટા મારવા માટે ક્રિશે પોતાની કારમાં એમએલએનું બોર્ડ લગાવ્યું હતું. જે સાથે સવાર વિશ્વ પટેલ પણ હતો જેની પણ પોલીસે ધરપકડ કરી છે. રોડને પોતાના બાપની જાગીર સમજીને પુરઝડપે જેગુઆર ચલાવીને નવ લોકોના ભોગ લેનાર તથ્ય પટેલ હાલ જેલમાં બંધ છે. હવે કોઈ શહેરમાં બીજો કોઈ તથ્ય પટેલ પેદા થાય નહીં અને નબીરાની શાન ઠેકાણે આવે તે માટે પોલીસ એક્શન મોડ પર આવી ગઈ છે.

### દિયોદરના ખેડૂત આગેવન પર હુમલા મામલે ખેડૂતોની ન્યાય યાત્રા

# ૧૮ તારીખ પહેલા સરકાર કેશાજીનું રાજીનામું લે : ખેડૂત આગેવાન

| બનાસકાંઠા, તા.૧૩ |

થોડા દિવસ અગાઉ દિયોદર એક કાર્યક્રમમાં ધારાસભ્ય કેશાજી ચૌહાણનાં સમર્થક દ્વારા એક ખેડૂત આગેવાન પર હુમલો કર્યો હતો. જે મામલે ખેડૂતો દ્વારા બનાસકાંઠાથી ગાંધીનગર ખાતે ન્યાય યાત્રા શરૂ કરી છે. આ ખેડૂત યાત્રા આજે પાટણનાં હાંસાપુર ખાતે પહોંચી હતી. ગાંધીનગર જઈ ખેડૂતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદનપત્ર આપશે.

આ બાબતે ખેડૂત આગેવાને જણાવ્યું હતું કે અમારી વેદનાની માંગણી છે. અટલ ભુજલ યોજનાં અંતર્ગત અટલ બિહારી બાજપેયીના નામનો પ્રોગ્રામ ચાલતો હતો અમે હજારો ખેડૂતો ત્યાં ઉપસ્થિત હતા. અમારા પર દિયોદરનાં ધારાસભ્ય કેશાજી ઠાકોરે અમારા પર હુમલો કરાવ્યો છે. અમારૂ અપમાન કરાયું છે. એનાં અનુસંધાને અમે મુખ્યમંત્રીને ૧૮ તારીખે આવેદનપત્ર આપવાનાં છીએ. આખા ગુજરાતનાં ખેડૂતો મારી સાથે જોડાયેલા છે. અમે ૧૦ તારીખે સનાદરથી મા અંબાનાં દર્શન કરી ગાંધીનગર ૧૮ તારીખે પહોંચીશું. અને મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવાનાં છીએ કે તાત્કાલિક કેશાજી ઠાકોરનું રાજીનામું લે. ત્યારે સરકાર જો ૧૮ તારીખ પહેલા રાજીનામું નહી લે તો સમગ્ર ગુજરાતનાં ખેડૂતોનું અમને સમર્થન છે.ધારાસભ્ય કેશાજી ચૌહાણને સમસ્યાની રજૂઆત કરવા ગયેલા ખેડૂત પર સ્ન્છના સમર્થકોએ હુમલો કર્યો છે. અટલ ભૂજલ યોજના માટેનો આ કાર્યક્રમ યોજાયો હતો. જ્યાં ધારાસભ્ય પણ ઉપસ્થિત હતા જને લઈ અમરાભાઈ નામના ખેડૂત આગેવાન સ્ન્છને કેટલીક સમસ્યાની રજૂઆત માટે ગયા હતા. જ્યાં ધારાસભ્યના સમર્થકોએ એકાએક હુમલો કર્યો હતો અને ખેડૂત આગેવાનને ઉપરા છાપરી લાફા ઝીંકતાનો વીડિયો પણ સામે આવ્યો છે.

# પંચમહાલમાં ઓનલાઈન ગેમના કારણે યુવાન જિંદગીની ગેમ હારી ગયો

## ગેમ રમતા એકાઉન્ટમાંથી પૈસા કપાઈ જતા યુવકે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી

| પંચમહાલ,તા.૧૩ |

આજકાલ ઓનલાઈન ગેમિંગ ના રવાડે ચડેલા યુવાનો દેવા ના ડુંગર તળે દબાઈ જતા અંતિમ પગલું ભરતા અચકાતા નથી.અને તેમાંય ઓનલાઈન જુગાર રમાડતી એપ્લિકેશન ની જ્યારે ભરમાર જોવા મળી રહી છે ત્યારે આવા સમયે મોબાઈલ વપરાશકર્તાઓ આવી એપ્લિકેશન ની જાળ માં ફસાઈ જતા જોવા મળે છે.આવો જ એક બનાવ પંચમહાલ થી સામે આવ્યો જ્યાં એક યુવાન રમી ગેમ રમતા એકાઉન્ટ માંથી પૈસા કપાઈ જતા એક સુસાઈડ નોટ લખી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા નું પગલું ભર્યું છે.

પંચમહાલના ગોધરા રેલવે પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલ બાકરોલ રેલવે સ્ટેશન નજીક ઝૂંપડું બાંધી રેલવેના કોન્ટ્રાક્ટમાં મજૂરી કામ કરતા મધ્યપ્રદેશના જાંબુઆના ૩૦ વર્ષીય વિનોદ પારધી નામના યુવકને ઓનલાઈન રમી નામની ગેમ નો એવો ચસ્કો હતો કે તે પોતાની મજૂરી થી કમાયેલા પૈસા આવી ગેમ માં રોકી જુગાર રમતો હતો. કેટલીક વખત સારા પૈસા મળતા પોતાની બચતના અંદાજીત ૩ લાખ રૂપિયા જેટલી માતબર રકમ દાવ પર લગાડી હતી.

જે રકમ હારી જતા વિનોદ ડિપ્રેસનમાં આવી ગયો હતો. પોતે હવે શું કરશે અને પરિવારને શુ મોઢું બતાવશે તેવા વિચારોથી ઘેરાયેલા વિનોદે પોતે એક સુસાઈડ નોટ લખી તેમાં પોતાની વ્યથા વર્ણવી પોતે જ્યાં રહેતો હતો. તે ઝૂંપડપટ્ટી ની સામે રેલવેના નવા બનેલ કવાર્ટરની જાળી પર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ મોતને વ્હાલું કર્યું હતું. પરિવારના આધારસ્તંભ જેવા વિનોદના મોતના સમાચાર સાંભળી પરિવારજનોમાં ઘેરા શોક ની લાગણી વ્યાપી ગઈ હતી. ઘટના ને પગલે ગોધરા રેલવે પોલીસે વિનોદનાં મૃતદેહને પી.એમ અર્થે મોકલી સુસાઈડ નોટ કબજે કરી વધુ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે.

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારામણની અધ્યક્ષતામાં મળેલી જીએસટી કાઉન્સિલની ૫૧મી બેઠકમાં કેસિનો, ઓનલાઈન ગેમ પરનો ૨૮ ટકા જીએસટી યથાવત રાખવાનો નિર્ણય લેવાયો હતો.

જોકે ચર્ચા હતી કે બેઠકમાં આ બે સર્વિસ પરનો જીએસટી ઘટાડવામાં આવી શકે છે પરંતુ કાઉન્સિલે કોઈ રાહત આપી નથી. રાહતની વાત ગણો તો સમય છે કારણ કે કાઉન્સિલે કેસિનો, ઘોડદોડ અને ઓનલાઈન ગેમિંગ પર ૨૮ ટકા જીએસટી લાગુ પાડવાની તારીખ ૧ ઓક્ટોબર ગણાવી છે એટલે કે હજુ જીએસટી લાગુ પડવામાં ૨ મહિના જેટલો સમય છે.

## વિશેષ લેખ

### ઝીરો શેડો ડે, આકાશમાં શનિ રિંગ, સુપર મૂન જેવી ઘટનાનો અનોખો સંયોગ

# ઓગસ્ટમાં જોવા મળશે ત્રણ વિશિષ્ટ ખગોળીય ઘટના



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

બ્રહ્માંડમાં અવાર નવાર વિવિધ ખગોળીય ઘટનાઓ બનતી રહેતી હોય છે. જે ખાસ કરીને વિજ્ઞાનિકો માટે હંમેશા આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. જયારે સામાન્ય જનતા માટે અચરજ બની જાય છે

આવી જે એકી સાથે ત્રણ ત્રણ ખગોળીય ઘટનાઓ આગામી ત્રણ સપ્તાહમાં જોવા મળવાની છે આવી કેટલીક ઘટનાઓ એવી છે જે વર્ષો બાદ એક વાર જોવા મળતી હોય છે.

(૧) ૧૮ ઓગસ્ટનાં રોજ ઝીરો શેડો ડે (૨) ૨૭ ઓગસ્ટ : આકાશમાં શનિ રિંગ જોવા મળશે અને (૩) ૩૦ ઓગસ્ટે સુપર મૂનની ઘટના જોવા મળવાની છે.ઓગસ્ટ મહિના દરમિયાન જોવા મળનારી વિવિધ ખગોળીય ઘટના આ મુજબ છે.

**(૧) ૧૮ ઓગસ્ટ : ઝીરો શેડો ડે**

આ દિવસે દિવસ દરમ્યાન તમને તમારો પડછાયો જોવા નહીં મળે!છે ને આશ્ચર્યની વાત,ધોળે દિવસે પડછાયો તમારો સાથ છોડી દે તો? આ વાત માન્યમાં આવે તેમ નથી પણ હકીકત છે. આ ઘટના ત્યારે થાય છે જ્યારે સૂર્ય આપણી ધરતીની બરાબર ઉપર આવી જાય છે. આ કારણે કોઈ પણ વસ્તુનો પડછાયો બનતો નથી. ખગોળશાસ્ત્રીઓના મતે આ ઘટના આપણા દેશમાં એવા સ્થળો કે શહેરોમાં બને છે જે કર્ક અને મકર રેખાની વચ્ચે આવે છે. ભારતમાંથી સૌપ્રથમ કૌટિલ્ય દ્વારા આ ખગોળીય ઘટનાનો અભ્યાસ કર્યાનું કહેવાય છે. એકવાર સૂર્ય ઉત્તર તરફ આગળ વધે અને બીજી સૂર્ય દક્ષિણ તરફ જાય ત્યારે એમ વર્ષમાં બે વાર ઝીરો શેડો ડેની ઘટના બનતી હોય છે.

૨૧ જૂનને વર્ષનો સૌથી લાંબો દિવસ માનવામાં આવે છે. આ દિવસે, કેન્સરના ઉષ્ણકટિબંધની આસપાસના તમામ સ્થળોએ લોકોનો પોતાનો પડછાયો અદૃશ્ય થતો જોવા મળે છે. છત્તીસગઢનું સુરગુજા પણ કેન્સરના ઉષ્ણકટિબંધ પર આવેલું છે. દર વર્ષની જેમ આ વખતે પણ સુરગુજામાં પડછાયો દેખાતો બંધ થઈ જાય છે

ઉત્તર ગોળાર્ધમાં વર્ષમાં એક દિવસ એવો હોય છે, જ્યારે તમે તમારો પડછાયો જોઈ શકતા નથી. આ ઘટના ચોક્કસ સમયે, ચોક્કસ સ્થળે જ બને છે. જે નો શેડો ડે અથવા ઝીરો શેડો ડે તરીકે ઓળખાય છે. દર વર્ષે ૨૧ જૂને સૂર્ય કર્ક રાશિ પર લંબ છે. આ જ કારણ છે કે કર્ક રાશિની આસપાસનો તમારો પડછાયો તમને જોવાનું બંધ કરે છે. સુરગુજા પણ કેન્સરના ઉષ્ણકટિબંધ પર આવેલું છે. અહીં પણ લોકોએ તેનો પડછાયો જોતા બંધ કરી દીધા. આવી ઘટના પહેલીવાર નથી બની પરંતુ દર વર્ષે બને છે.

સંશોધકો નાં જણાવ્યા અનુસાર ,"૨૧મી જૂન અથવા ૨૨મી જૂને કોઈ પડછાયો દિવસ નથી. કોઈ પણ છાયા દિવસ ફક્ત તે જ સ્થળોએ જોઈ શકાતો નથી જ્યાં કેન્સરની ઉષ્ણકટિબંધ પસાર થઈ હોય. કેન્સરની ઉષ્ણકટિબંધ પરંતુ આ થાય છે કારણ કે આ દિવસે સૂર્ય કેન્સરની ઉષ્ણકટિબંધ પર લંબ છે. એટલે કે, સૂર્ય માનવ માથાની ઉપર આવે છે. આ વર્ષે આ ઘટના સરગુજામાં બપોરે ૧૨ થી ૧૨: ૪૦ સુધી પ્રભાવિત છે.

જ્યારે દિવસના ચોક્કસ સમયે સૂર્ય આપણા માથાની ઉપર આવે છે. જેના કારણે આપણે કોઈ પડછાયો બનાવી શકતા નથી. આ કારણે, આ સ્થિતિને શૂન્ય છાયા અથવા કોઈ પડછાયો કહેવામાં આવે છે. આ ૨૧ જૂને થાય છે. જ્યારે સૂર્ય દક્ષિણ તરફ જતો દેખાય છે. ત્યારબાદ ૨૧ સપ્ટેમ્બરે આ સ્થિતિનો અંત આવે છે. આ રીતે, શૂન્ય પડછાયાની સ્થિતિ પૃથ્વીના ઉત્તર અને દક્ષિણમાં ૨૩.૫ ડિગ્રી અક્ષાંશની વચ્ચે જ આવે છે, એટલે કે, કેન્સરની ઉષ્ણકટિબંધ અને મકર રાશિની ઉષ્ણકટિબંધની વચ્ચે. આ બે લીટીઓ વચ્ચે દરેક જગ્યાએ વર્ષમાં માત્ર બે વાર જ થાય છે.





કેન્સરનું ઉષ્ણકટિબંધ વિશ્વના ૧૮ દેશોમાંથી પસાર થાય છે મેક્સિકો, અલ્જેરિયા, માલી, ઈજિપ્ત, નાઈજીરિયા, મોરિટાનિયા, ઓમાન, યુએઈ, ચીન, બહામાસ, તાઈવાન, ચાડ, બાંગ્લાદેશ, સાઉદી અરેબિયા, લિબિયા. અને ભારત પસાર થાય છે. કેન્સરનું ઉષ્ણકટિબંધ ભારતના ૮ રાજ્યોમાંથી પસાર થાય છે. જેમાં છત્તીસગઢ, ઝારખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, પશ્ચિમ બંગાળ, મિઝોરમ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.

**(૨) ૨૭ ઓગસ્ટ : આકાશમાં શનિની રિંગ જોવા મળશે**

૨૭ ઓગસ્ટનો દિવસ વિશેષ રહેશે. આ દિવસે આકાશમાં નરી આંખો દ્વારા શનિ ગ્રહ અને શનિ રિંગને જોઈ શકાશે. આ દિવસે શનિ ગ્રહ સૂર્યથી વિપરિત દિશામાં અને પૃથ્વીથી ખૂબ જ નજીક હશે. જેના કારણે આ ખગોળીય દ્રશ્યના સાક્ષી બની શકાશે. આ દુર્લભ ખગોળીય ઘટના છે અને તે વર્ષોમાં માંડ એક વાર જોવા મળતી હોય છે.

**(૩) ૩૦ ઓગસ્ટ : સુપર મૂન**

ઓગસ્ટ મહિનામાં બે સૂપર મૂન જોવા મળવાના છે. આ પૈકી સૌપ્રથમ ૧ ઓગસ્ટના જોવા મળ્યો હતો . હવે ૩૦ ઓગસ્ટના રોજ બીજી વખત સુપર મૂન જોવા મળશે. આ દિવસે ચંદ્ર પૃથ્વીથી ખૂબ જ નજીક આવી જતો હોવોના કારણે ખૂબ મોટો અને ખૂબ જ પ્રકાશ ધરાવતો જોવા મળે છે.

આ મહિનામાં બે સુપર મૂનની ખગોળીય ઘટનાઓ બનશે.જેમાં એક દુર્લભ બ્લૂ મૂન છે. પહેલી સુપરમૂનની ઘટના ૧ ઓગસ્ટનાં રોજ જોવા મળી હતી હવે  અને બીજી ૩૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ રાત્રે જોવા મળશે

અમેરિકામાં લોકોને બંને ખગોળીય ઘટનાઓ જોવા મળશે.

દેખાનારો સુપર મૂન અન્ય સુપરમૂનની તુલનાએ ગણો મોટો હશે કારણ કે આ ધરતીથી એકદમ નજીક હશે. આ ઉપરાંત તમે આના રંગને પણ સરળતાથી જોઈ શકશો. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ દિવસ પૃથ્વીની ચારે બાજુથી ચંદ્રમાની કક્ષા લગભગ ૫ ડિગ્રી ખુણા પર નમેલી હોય છે. જ્યારે ૩૦ ઓગસ્ટે બ્લૂમૂન દેખાશે.

બ્લૂ મૂન એક અત્યંત દુર્લભ ઘટના છે અને આનું ચંદ્રમાના રંગથી કોઈ લેવા દેવા નહીં હોય. છાસવારે આ કોઈ મહિનાની બીજી પૂનમે જોવા મળે છે. આ વખતે ઓગસ્ટ મહિનામાં બે પૂનમ આવે છે. એટલા માટે બીજી પૂનમે સુપર બ્લૂ મૂન દેખાશે. આ પહેલા બ્લૂ મૂન ૨૨ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ જોવા મળ્યો હતો.

સામાન્ય રીતે આપણે દર ત્રણ વર્ષે એકવખત બ્લૂ મૂન જોવાની આશા રાખીએ છીએ. આગામી બ્લૂ મૂન મે ૨૦૨૬માં જોવા મળશે. આ ઉપરાંત એક સુપર મૂન ત્યારે દેખાય છે જ્યારે ચંદ્રમાની કક્ષા તેના પૂર્ણિમા ચરણ દરમિયાન પૃથ્વીની સૌથી નજીક આવે છે. આ ઘટના કારણે રાતના આકાશમાં એક મોટો અને ચમકદાર ચંદ્ર દેખાય છે.

ખગોળવિદો અનુસાર સર મૂનનું બનવું અલગ અલગ ખગોળીય પ્રભાવોનો સંયોજન છે. જ્યારે સૂર્યની સંપૂર્ણ રોશનીથી ચમકતો ચંદ્ર પૃથ્વીની સૌથી નજીકથી પસાર થાય છે ત્યારે આપણને તે વિશાળ અને ભવ્ય રૂપમાં જોવા મળે છે. આ ગટનાને આપણે પૂર્ણ ચંદ્ર અથવા સુપરમૂન કહીએ છીએ.જ્યારે પ્રકાશથી ચમકી રહેલો ચંદ્ર પૃથ્વીની ૨,૨૪,૮૯૫ માઈલની સીમામાં આવે છે ત્યારે આ સ્થિતિ આવે છે.

### ન્યૂઝ બ્રિફ

## કેરેબિયન પ્રીમિયર લીગમાં એક નવો નિયમ ઉમેરાયો

। નવી દિલ્હી, તા.૧૩ ।

ક્રિકેટમાં દર વર્ષે કેટલાક નવા નિયમો બનાવવામાં આવે છે. ICC દર વર્ષે ક્રિકેટના નિયમોમાં ફેરફાર કરે છે. પરંતુ હવે કેરેબિયન પ્રીમિયર લીગમાં એક નવો નિયમ ઉમેરવામાં આવ્યો છે, જે ચર્ચાનો વિષય બની રહ્યો છે. ફૂટબોલ, હોકીના ખેલાડીઓને રેડ કાર્ડ આપવામાં આવે છે. પરંતુ હવે આ નિયમનો ઉપયોગ ક્રિકેટમાં પણ થશે. સૌથી પહેલા આ નિયમનો ઉપયોગ CPLમાં થશે. ૧૧ જુલાઈના રોજ, લીગ અધિકારીઓએ નિયમોની જાહેરાત કરી. આ નિયમ હેઠળ, તેનો ઉપયોગ સ્લો ઓવર રેટ પર થશે. આ નિયમ અનુસાર, જો ફિલ્ડિંગ ટીમ સમય અનુસાર પાછળ ચાલી રહી છે છે, તો તે ટીમના ખેલાડીને ૨૦મી ઓવરમાં મેદાનની બહાર કરી દેવામાં આવશે. સીપીએલના ડાયરેક્ટર ઓફ ઓપરેશન્સ માઈકલ હોલે કહ્યું, "અમે નિરાશ છીએ કે અમારી ટી૨૦ રમતો વર્ષ-દર વર્ષે લાંબી થઈ રહી છે, અને અમે આને રોકવા માટે જે કંઈ કરી શકીએ તે કરવા માંગીએ છીએ." તેણે વધુમાં ઉમેર્યું, "ક્રિકેટ સાથે સંકળાયેલા લોકોની ફરજ છે કે તે સુનિશ્ચિત કરે કે રમત સતત આગળ વધે અને અમે ટૂર્નામેન્ટ પહેલા આ ફરજ વિશે ફ્રેન્ચાઈઝી અને અમારા મેચ અધિકારીઓ બંનેને સંવેદનશીલ બનાવ્યા છે.

## અંકિતા લોખંડેના પિતા શશીકાંત લોખંડેનું અવસાન

। મુંબઈ, તા.૧૩ ।

પવિત્ર રિશ્તા ફેમ અંકિતા લોખંડેના પિતા શશીકાંત લોખંડેનું ૬૮ વર્ષની વયે શનિવારે (૧૨ ઓગસ્ટ) નિધન થયું હતું. તેમના અવસાન પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. અંકિતાના પિતા છેલ્લા કેટલાક સમયથી બીમાર હતા. એક્ટ્રેસ કે તેના પતિ વિકી જૈને આ અંગે કોઈ કોમેન્ટ કરી નથી. રિપોર્ટ્સ પ્રમાણે, સવારે આશરે ૧૧.૪૫ની આસપાસ શશીકાંતે અંતિમ શ્વાસ લીધા હતા. ગત મહિને જ અંકિતાએ એક પોસ્ટ શેર કરીને તેના પિતાની તબિયત ઠીક ન હોવાનો ખુલાસો કર્યો હતો તેમની સ્પેશિયલ ટ્રિટમેન્ટ ચાલી રહી હોવાનું કહ્યું હતું. હોસ્પિટલથી ઘરે આવ્યા બાદ તેણે તેના પિતાની ઘણી બધી તસવીરો શેર કરી હતી.અંકિતા લોખંડેએ પોસ્ટમાં પિતાની તબિયતમાં સુધારો થઈ રહ્યો હોવાથી તે કેટલી ખુશ હતી તે જણાવ્યું હતું. જો કે, તેણે પિતાના હેલ્થ ઈશ્યૂ વિશેની વધારે માહિતી આપી નહોતી. તેણે લખ્યું હતું 'પપ્પા તમે હોસ્પિટલથી પાછા આવી ગયા છો અને તમારી હેલ્થ સારી છે તે વાતથી વધારે ખુશી મને કોઈ આપી શકે નહીં. હું તમને વચન આપું છું નિઃસ્વાર્થભાવે હું તમારી સેવા કરીશ, જેમ તમે હંમેશા પરિવાર તેમજ મારા માટે કરતા આવ્યા છો એ રીતે.

## સુરત ફ્લાઈટની આકાશમાં જ વિન્ડશિલ્ડ તૂટતા હોબાળો

। નવી દિલ્હી, તા.૧૩ ।

દિલ્હીથી સુરત આવતી ફ્લાઈટમાં એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. બે ઘડી તો પેસેન્જરના શ્વાસ પણ અધ્ધર થઈ ગયા હતા. કારણ કે ફ્લાઈટે જેવું ટેક ઓફ કર્યું કે ૨૦ મિનિટની અંદર જ વિન્ડશિલ્ડ તૂટી ગઈ હતી. હવે ફ્લાઈટ હવામાં આકાશમાં સફર કરી રહી હોય ત્યારે અચાનક આવી દુર્ઘટના ઘટે તો પછી ઈમરજન્સી એલાર્મ પણ વાગવા લાગે છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે વિન્ડ શિલ્ડ તૂટી જતા પેસેન્જરોને આ અંગે જાણ થઈ અને લોકો ગભરાઈ ગયા હતા. કેમ કે જો વિન્ડશિલ્ડ સંપૂર્ણપણે તૂટી જાય એવી સ્થિતિ ઉત્પન્ન થઈ હોત તો તમામ લોકોના જીવ જોખમમાં મુકાયા હોત. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે ૨૦ મિનિટ થઈ હતી અને અચાનક એક પક્ષી વિન્ડશિલ્ડ પર અથડાઈ ગયું હતું. જેથી કરીને તેમા ક્રેક પડી ગઈ અને એરપોર્ટ સ્ટાફે તાત્કાલિક આની જાણ પાયલટને કરી દીધી હતી. જોતજોતામાં લોકોમાં પણ ભય પ્રસરી ગયો કારણ કે એરપ્રેશર અને એમાં વિન્ડશિલ્ડ તૂટી ગઈ હતી. તેવામાં હવે ચિંતા એ હતી કે આકાશમાં ફ્લાઈટ છે અને જો કઈ અન્ય ઘટના ઘટી તો શું થશે.

### કૃષ્ણ જન્મભૂમિને લઈને ચાલી રહેલો જમીન વિવાદ

# જ્ઞાનવાપીની જેમ સર્વે કરાવવા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ

### વિવાદમાં સિવિલ દાવો મસ્જિદ ઇદગાહની આસપાસ છે, જે કથિત રીતે હિન્દુ મંદિરો તોડી પડાયા પછી બનાવાઈ

। મથુરા, તા.૧૩ ।

મથુરામાં કૃષ્ણ જન્મભૂમિને લઈને ચાલી રહેલા જમીન વિવાદમાં નવો વળાંક આવ્યો છે. શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદની માફક જ કૃષ્ણ જન્મભૂમિ વિસ્તારનો વિગતવાર વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરાવવાની માગણી સાથે, સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. આવા સર્વેક્ષણો આધુનિક પુરાતત્વીય પદ્ધતિઓ, જીઓસ્પેશિયલ વિશ્લેષણ અને ઐતિહાસિક રેકોર્ડનો ઉપયોગ સાઈટના મહત્વની વ્યાપક સમજ પૂરી પાડવા માટે કરશે.

શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટે , જેનું પ્રતિનિધિત્વ તેના પ્રમુખ સિદ્ધપીઠ માતા શાકુંભારી પીઠાધીશ્વર ભૃગુવંશી આશુતોષ પાંડે કરે છે, તેણે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા સામે સર્વોચ્ચ અદાલતમાં વિશેષ અરજી (SLP) દાખલ કરી છે. પિટિશન ખાસ કરીને ઐતિહાસિક રીતે મહત્વપૂર્ણ સ્થળને અનેક પ્રતિવાદીઓ દ્વારા કથિત રીતે થયેલા નુકસાન અને અપિત્રતા પર ભાર મૂકવામાં આવ્યો છે. વિવાદમાં સિવિલ દાવો મસ્જિદ ઈદગાહની આસપાસ છે, જે કથિત રીતે હિન્દુ મંદિરો તોડી પાડવામાં



આવ્યા પછી બનાવવામાં આવી હતી. અરજદારની દલીલ છે કે, આવા બાંધકામને મસ્જિદ ગણી શકાય નહીં. તેઓ ૧૯૬૮ના કરારની માન્યતા સામે વધુ દલીલ કરે છે અને તેને ''છેતરપિંડી'' ગણાવે છે.

વિવિધ ફરિયાદોનો ઉલ્લેખ કરતાં, અરજદારે આક્ષેપ કર્યો હતો કે, પ્રતિવાદીઓ, જેમાં શાહી મસ્જિદ ઈદગાહ મેનેજમેન્ટ કમિટી જેવી નોંધપાત્ર સંસ્થાઓનો સમાવેશ થાય છે, તેઓ મિલકતને નુકસાન પહોંચાડવામાં સામેલ છે, ખાસ કરીને હિન્દુઓ માટે ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ ધરાવતા અંશને. તેઓ દાવો કરે છે કે, ઉત્તરદાતાઓએ મંદિરના સ્તંભો અને પ્રતીકોને નુકસાન પહોંચાડ્યું છે, અને જનરેટરનો ઉપયોગ કર્યો છે, જેના કારણે દિવાલો અને થાંભલાઓને વધુ નુકસાન થયું છે. તેમણે કેમ્પસમાં થતી નમાજ (નમાઝ) અને અન્ય પ્રવૃત્તિઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે.

રસપ્રદ વાત એ છે કે, અરજદારે મિલકતની નોંધણીમાં વિસંગતતાઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. તેઓ દલીલ કરે છે કે જમીનને 'ઈદગાહ' નામ હેઠળ સત્તાવાર રીતે નોંધણી કરાવી શકાતી નથી, કારણ કે તેનો કર 'કટરા કેશવ દેવ, મથુરા'ના ઉપનામ હેઠળ વસૂલવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટના જાણીતા એડવોકેટ સાર્થક ચતુર્વેદી દ્વારા રજૂ કરાયેલ અરજીમાં અરજદારે, વિવાદિત જમીનની ઓળખ, સ્થાન અને માપણી અંગે સ્થાનિક તપાસની માંગ કરી છે, જે બંને પક્ષો દ્વારા કરવામાં આવેલા દાવાઓને સમર્થન આપવા માટે વૈજ્ઞાનિક સર્વેક્ષણની જરૂરિયાતને પ્રકાશિત કરશે તેમ જણાવ્યું છે. સર્વે કરાવવાની માગ જ્ઞાનવાપી મસ્જિદ ખાતે ચાલી રહેલા છજીઁ સર્વેથી પ્રેરિત છે. જ્ઞાનવાપી સર્વેક્ષણ, જેણે નોંધપાત્ર ધ્યાન આકર્ષિત કર્યું છે, તેનો ઉદ્દેશ્ય સ્થળના ઐતિહાસિક અને સ્થાપત્ય મહત્વની ખાતરી કરવાનો છે. શ્રી કૃષ્ણ જન્મભૂમિ મુક્તિ નિર્માણ ટ્રસ્ટ, સમગ્ર વિશ્વમાં સનાતન ધર્મના મૂલ્યો અને હિતોને જાળવી રાખવા માટે સ્થપાયેલ, મંદિરો અને મઠોનું રક્ષણ અને જીર્ણોદ્ધાર કરવાનો હેતુ ધરાવે છે. ટ્રસ્ટના મહત્વના ધ્યેયો પૈકી એક આ પવિત્ર સ્થળોને અતિક્રમણથી બચાવવા અને ગેરકાયદેસર કબજેદારોને બહાર કાઢવાનો છે.

અરજદારની અરજીમાં માત્ર હાઈકોર્ટના ચુકાદાને પડકારવાની પરવાનગી માંગવામાં આવી નથી પરંતુ એસએલપીને આખરી સ્વરૂપ આપવામાં ના આવે ત્યાં સુધી તેના પર વચગાળાના એકસપાર્ટી સ્ટેની પણ માંગ કરવામાં આવી છે. ટૂંકમાં, ટ્રસ્ટ તેના દાવાઓને માન્ય કરવા અને જમીન સાથે સંકળાયેલ જટિલ ઈતિહાસ પર સંભવિત પ્રકાશ પાડવા માટે સાઈટના નવા મૂલ્યાંકનની આતુરતાથી રાહ જુએ છે. કૃષ્ણ જન્મભૂમિ મુદ્દો માત્ર જમીન વિવાદ કરતાં ઘણો વધારે છે. તેમાં ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક મહત્વના સ્તરો છે જે લાખો લોકોને અસર કરે છે. તેની અસરોની વિશાળતાને જોતાં, તે આશ્ચર્યજનક નથી કે ટ્રસ્ટ તેની માંગણીઓને માન્ય કરવા માટે જ્ઞાનવાપી મસ્જિદ સર્વેક્ષણને પ્રાથમિકતા આપવા માંગે છે.

### પરિવારની જરુરિયાત પૂરી કરવા ખંડણી માગી રહ્યો છે

# અતીક અહેમદનો દીકરો અલી જેલમાંથી માગી રહ્યો છે ખંડણી

### અલી ૩૦ જુલાઈ, ૨૦૨૨થી પ્રયાગરાજની નૈની સેન્ટ્રલ જેલમાં બંધ છે : પોલીસ બંને મામલે કાર્યવાહી કરી રહી છે

। પ્રયાગરાજ, તા.૧૩ ।

માફિયા અતીક અહેમદ બાદ હવે જેલમાં બંધ તેનો દીકરો તેના સાગરીતો દ્વારા ખંડણી માગી રહ્યો છે. આવા જ બે પીડિતોએ અતીક અહેમદના દીકરા અલી અને તેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ સિવાય જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ પણ ફરિયાદ નોંધાઈ છે. એક કેસ ૧૦ લાખ અને બીજો ૩૦ લાખ રુપિયાની ખંડણી માગવાનો છે. પોલીસે બંને પીડિતોની ફરિયાદના આધારે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. માત્ર ૨૪ કલાકમાં જ બે ફરિયાદ થતા અતીકના પરિવારની મુશ્કેલીઓ વધી ગઈ છે.

પહેલો કેસ ૧૦ લાખ રુપિયાની ખંડણીનો છે, કરેલીમાં રહેતા એક પીડિતે માફિયા અતીકના દીકરા અને તેના સાગરીતો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. કરેલી પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ થઈ છે. એવો આરોપ છે કે, અીકના દીકરા અલી અને તેના સાગરીતોએ ફોન કરીને ધમકાવ્યો હતો. એવું કહ્યું હતું કે, જે જગ્યાએ પ્લોટિંગ કરી રહ્યો છે ત્યાં કામ કરવું હોય



તો રુપિયા ૧૦ લાખની ખંડણી આપવી પડશે, નહીં તો જાનથી હાથ ધોઈ બેસીશ. પોલીસે આ મામલે કેસ નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

તો અતીકના દીકરા અલી અને તેના પાંચ જેટલાં સાગરીતોએ ખંડણી માગતા કરેલી પોલીસ સ્ટેશનમાં વધુ એક ફરિયાદ થઈ છે. જેમાં પીડિતે અલી અને તેના સાગરીતો વિરુદ્ધ આ ફરિયાદ કરી છે. એવો પણ આરોપ છે કે, તેઓએ જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. પીડિતનો આરોપ છે કે, કેટલાંક લોકો દ્વારા તેની જમીન પર બળજબરી પૂર્વક કબજો કરવામાં આવી રહ્યો છે. એ પછી તેની સાથે મારપીટ પણ થઈ હતી.

આરોપીઓ ધમકી આપી કે જેલમાંથી અલીભાઈ અને અસદભાઈએ સૂચના મોકલી છે કે, જેના પર પ્લોટિંગ કરવાનું એ જમીન અમને આપી દો નહીં તો ૩૦ લાખ રુપિયા આપો. આ રુપિયા અલી ભાઈને મોકલવાના છે નહીં તો જીવ જશે. આ ઘટના બાદ પીડિતે કરેલી પોલીસ સ્ટેશનમાં અલી અને તેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી આ સિવાય એક અજાણ્યા શખસ વિરુદ્ધ પણ ફરિયાદ નોંધાવી છે.

જેલમાંથી ખંડણી માગવી એ કોઈ નવો ખેલ નથી. તમામ માફિયા જેલમાં બંધ હોવા છતા ખંડણી માગી રહ્યા છે. હવે આ નવા માફિયાઓમાં અતીકના દીકરા અલીનું નામ પણ જોડાયું છે. સરકાર દ્વારા માફિયા બ્રધર્સની કેટલીક સંપતિઓ પણ ટાંચમાં લેવામાં આવી છે. જે બાદ માફિયાઓની કમર તૂટી ગઈ છે. અતીક અને અશરફની હત્યા બાદ પરિવાર એક એક પાઈ માટે પરેશાન છે. હવે અલી અતીકનું સામ્રાજ્ય સંભાળી રહ્યો છે. જેથી પોતાના પરિવારની જરુરિયાતો પૂરી કરવા અલી જેલમાંથી ખંડણી માગી રહ્યો છે.

### અંજુએ પાકિસ્તાનથી ભારત માટે મોકલ્યો મેસેજ

# હું દેશદ્રોહી નથી, નસરુલ્લાહ સાથે ભારત જરૂરથી આવીશ

### નસરુલ્લાહ અંજુના બાળકોને પાકિસ્તાન બોલાવવા માગે છે પરંતુ તેનો પતિ બાળકોને મોકલવા માટે તૈયાર નથી

। ઈસ્લામાબાદ, તા.૧૩ ।

ભારતથી પાકિસ્તાન ગયેલી અંજુ સતત ચર્ચામાં છે. તેણે હવે ત્યાંથી પોતાના દેશ માટે એક સંદેશો મોકલ્યો છે. અંજુનો જે વીડિયો સામે આવ્યો છે, તેમાં તેણે ભારત આવવાની વાત કહી છે. અંજુની સાથે આ વીડિયોમાં પ્રેમી નસરુલ્લાહ પણ જોવા મળ્યો. જણાવી દઈએ કે, અંજુ પોતાના પાકિસ્તાની ફેસબુક ફ્રેન્ડ નસરુલ્લાહને મળવા માટે જુલાઈમાં ખૈબર પખ્તૂન્વા ગઈ હતી. બાદમાં તેણે તેની સાથે નિકાહ કરી લીધા હોવાનું પણ સામે આવ્યું હતું. અંજુએ પોતાના વિઝા આગળ વધારવા માટે જે અરજી કરી હતી અને તેના વિઝા એક વર્ષ આગળ વધારી દેવામાં આવ્યા છે. આ દરમિયાન અંજુએ વીડિયોમાં પાકિસ્તાનને સુંદર દેશ ગણાવ્યો અને પોતે દેશદ્રોહી નથી તેમ કહ્યું. તે ત્યાંના કોઈ મીડિયા સાથે વાતચીત કરતી હશે તેમ લાગી રહ્યું હતું. નસરુલ્લાહની હાજરીમાં અંજુએ કહ્યું કે 'બધાને એવું જ લાગી રહ્યું છે કે, હું અહીંયા આવીને આ દેશના વખાણ કરી રહી છું. હકીકતમાં એવું નથી. હું હકીકતમાં જે છે તે જ કહી રહી છું.



ભારત પણ સુંદર છે અને આ એક જ જમીન છે. મને ભારત પ્રત્યે પ્રેમ ન રહે તેવું ક્યારેય બની શકે નહીં'. આગળ તેણે કહ્યું કે 'હું ભારત પરત જઈશ. એકલી પણ જઈ શકું છું અને સાથે પણ'.

અંજુનું કહેવું છે કે, મીડિયામાં તેને લઈને ઘણી અફવા છે. તેનો એક ફોટો દેખાડીને કહેવામાં આવી રહ્યું છે કે, તે દેશદ્રોહી છે, તેણે પોતાના બાળકો સાથે ખોટું કર્યું છે. પરંતુ આવું નથી. તેણે ઉમેર્યું કે 'હું પણ માણસ છું. મારા વિશે પણ થોડું પોઝિટિવ વિચારો અને હું કોઈની પણ દુશ્મન નથી'.

તેવી ખબર છે કે, અંજુએ પાકિસ્તાન જઈને ઈસ્લામ કબૂલ્યો છે અને તેણે નસરુલ્લાહ સાથે નિકાહ કરી લીધા છે. તેનું ઈસ્લામિક નામ ફાતિમા હોવાનું કહેવાય રહ્યું છે. સરપ્રદ વાત એ છે કે, જ્યાં નસરુલ્લાહ તો અંજુને પોતાની પત્ની કહી રહ્યો છે પરંતુ અંજુએ હજી સુધી તેને સાર્વજનિક રીતે પતિ તરીકે સંબોધિત કર્યો નથી. થોડા દિવસ પહેલા જ અંજુના વિઝા વધારવા અંગે નસરુલ્લાહે પોતે જાણકારી આપી હતી અને ગૃહ મંત્રાલય દ્વારા એક વર્ષ વિઝા આગળ વધાર્યાની વાત કરી હતી.

નસરુલ્લાહે એક ઈન્ટરવ્યૂમાં પણ કહ્યું હતું કે, તે ભારત સરકારને અંજુના બાળકોને પાકિસ્તાન મોકલવાની અપીલ કરશે. તો અંજુના પતિ અરવિંદે સ્પષ્ટ કરી દીધું હતું કે, બંને બાળકો તેની સાથે ભારતમાં જ રહેશે. અરવિંદે અંજુ સામે ફરિયાદ પણ નોંધાવી છે. આ ફરિયાદના કારણે નસરુલ્લાહ નારાજ છે. તેણે મીડિયા સાથેની વાતચીતમાં પોતાનો ગુસ્સો પ્રગટ કર્યો હતો અને તે કોઈનાથી ડરતો નથી તેમ કહ્યું હતું. આ સાથે તેણે અંજુને સુરક્ષા આપવાની શરત પર ભારત મોકલવાની વાત કરી હતી.



આર્મી સૈનિકો પૂનચ જિલ્લામાં સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા એલઓસીની નીજક ડ્રોન કેમેરા સાથે પેટ્રોલિંગ કરતાં નજરે પડે છે.

### મહિલાએ જીવંત બાળકને જન્મ આપ્યો

## બોમ્બે હાઈકોર્ટે ૨૭ અઠવાડિયાના ગર્ભને ગર્ભપાતની આપી મંજૂરી

### મહિલાને ગર્ભાવસ્થા દરમિયાન ખબર પડી કે દિલમાં કાણું છે : ડોક્ટરોએ મહિલાને ગર્ભપાતની સલાહ આપી

। મુંબઈ, તા.૧૩ ।

બોમ્બે હાઈકોર્ટે તાજેતરમાં નિર્દેશ આપ્યો હતો કે, દિલમાં છેદવાળી મહિલાની તબીબી ગર્ભપાત પ્રક્રિયા (MTP) દરમિયાન જન્મેલું બાળક પરેલની કેઈએમ હોસ્પિટલમાંથી તબીબી સલાહ વગર બહાર લઈ જવામાં ન આવે. ગઈ ૯ ઓગસ્ટના રોજ જસ્ટીસ ગૌતમ પટેલ અને નીલા ગોખલેએ જણાવ્યું હતું કે, તબીબી સલાહ વગર આ બાળકને બહાર લઈ જવામાં ન આવે. મહિલાએ જીવંત બાળકને જન્મ આપ્યો હતો એ વાતની જાણ કર્યા બાદ જજોએ આ આદેશ આપ્યો હતો. સિલવાસામાં રહેતા આ દંપતીએ તેમના ૨૦૨૨ના દાયકામાં એક અરજી ફાઈલ કરી હતી. જેમાં હાઈકોર્ટમાં MTP માટે મંજૂરી માગવામાં આવી હતી. કારણ કે મહિલા ગર્ભાવસ્થા સમાપ્ત કરવા માટે કાયદેસર રીતે માન્ય ૨૪ અઠવાડિયાની મર્યાદાની બહાર હતી. માર્ચ મહિનામાં તેને ખબર પડી હતી કે તે ગર્ભવતી છે. એ પછી ૨૫ જુલાઈના રોજ તેને ઉધરસ અને શ્વાસ લેવામાં તકલીફ ઉભી થઈ હતી. જે બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. એ સમયે મહિલાને ખબર પડી કે તેના હૃદયમાં ૨૦ એમએમનું કાણું છે. એટલા માટે મહિલાને ગર્ભાવસ્થા સમાપ્ત કરવા માટે સલાહ આપવામાં આવી હતી. એ પછી દંપતી ૩૦ જુલાઈના રોજ હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સ મારફતે પરેલની KEM હોસ્પિટલમાં પહોંચ્યું હતું. મુંબઈમાં છેલ્લાં બે મહિનામાં ત્રણ બાળકોઆ રીતે જીવંત જન્મ્યા હતા. આ સમયે તેમની માતાઓ ગર્ભાવસ્થાના અધ્યતન તબક્કામાંથી પસાર થઈ રહી હતી. ડૉક્ટરો અને વકીલોના જણાવ્યા મુજબ, આ પ્રકારના કિસ્સાઓ અગાઉ પણ બની ચૂક્યા છે.

# સીમા હૈદર ઉપરથી ફિલ્મ બનાવતા મેકર્સને મળી ધમકી

। મુંબઈ, તા.૧૩ ।

પબ્જી પર પ્રેમ થયા બાદ પાકિસ્તાનની સીમા હૈદર જ્યારથી ચાર બાળકો સાથે સચિન મીણા માટે ભારત આવી છે ત્યારથી ચર્ચામાં છવાયેલી છે. હવે તો તેની પ્રેમ કહાણી પરથી 'કરાચી ટૂ નોએડા' નામની ફિલ્મ બની રહી છે, જેનું ઓડિશન પણ શરૂ થઈ ગયું છે. ફાયરફોક્સ પ્રોડક્શન સચિન અને સીમા હૈદરની લવ સ્ટોરી પરથી ફિલ્મ બનાવી રહ્યું છે. તેમણે સીમાને પણ ફિલ્મની ઓફર આપી છે, જેના પર રાજ



ઠાકરેની પાર્ટી એમએનએસ (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના) ગુસ્સાથી લાલચોળ થઈ છે અને મેકર્સને ધમકી આપી દીધી છે. એમએનએસ પાર્ટી તરફથી કહેવામાં આવ્યું છે કે, જો આ તમાશો બંધ ન થયો તો પછી જોવા જેવી થશે. એમએનએસ પાર્ટીના સિનેમા વિંગના અધ્યક્ષ આમેય ખોપકરે પોતાના ટ્વિટર હેન્ડલ પરથી સીમા હૈદર અને સચિન મીણા પરથી ફિલ્મ બનાવી રહેલા મેકર્સને ધમકી આપી છે. તેમણે એક લાંબી પોસ્ટ શેર કરી છે, જેમાં લખ્યું છે કે કોઈ પણ પાકિસ્તાની નાગરિકને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની મંજૂરી ન આપવી જોઈએ. તેમણે લખ્યું છે 'કોઈ પાકિસ્તાની નાગરિકને ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોઈ જગ્યા ન મળવી જોઈએ તે નિર્ણય પર અમે હજી અડગ છીએ. સીમા હૈદર એક પાકિસ્તાની મહિલા છે, જે આ સમયે ભારતમાં છે. તેવી પણ ખબર હતી કે, તે આઈએસઆઈ એજન્ટ હતી. આપણી ઈન્ડસ્ટ્રીના કેટલાક નવા કલાકાર તે સીમા હૈદરની પોપ્યુલારિટી માટે એક્ટ્રેસ બનાવવા માગે છે. દેશદ્રોહી નિર્માતાઓને શરમ કેમ નથી આવતી? સાર્વજનિક ચેતવણી આપવામાં આવી રહી છે કે આવા તમાશાને તરત બંધ કરો, નહીં તો એમએનએસના હુમલા માટે તૈયાર રહો.

## તંત્રી લેખ...

# સંશાધનનો દુરુપયોગ

વિશ્વમાં એકબીજાથી આગળ નિકળવા માટેની ગળાકાપ સ્પર્ધાના કારણે ઊભારે નુકસાન થઈ રહ્યુ છે. માનવી આના માટે ધરતીના સંશાધનોને એટલી ઝડપથી ખતમ કરી રહ્યો છે કે તેની ક્ષતિપૂર્તિ કરવાની બાબત તેના માટે શક્ય જ નથી. આ બાબતને અમે સિદ્ધાંતની દ્રષ્ટિથી પહેલાથીજ જાણીએ છીએ. જો કે આંતરરાષ્ટ્રીય રિસર્ચ સંગઠન ગ્લોબલ ફુટપ્રિન્ટ નેટવર્ક દ્વારા વાજબી અને સત્તાવાર રીતે ગણતરી કરીને હવે કહ્યુ છે કે વિચાર કર્યા વગર આડેધડ સંશાધનોના ઉપયોગના કારણે પૃથ્વીના સંશાધનોને અમે ઝડપથી ખતમ કરી રહ્યા છીએ. આ સંશાધનો હવે ખતમ થવાની નજીક છે. આ તારીખ પણ હવે નજીક પહોંચી રહી છે. જીએફએનના પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે પૃથ્વી દર વર્ષે પોતાના સંશાધનોના કેટલાક હિસ્સાને પુર્નિમિત કરી શકે છે. સાથે સાથે માનવી તેની આ ક્ષમતા કરતા કેટલા વધારે પ્રમાણમાં સંશાધનોનુ નુકસાન કરી રહ્યા છે. આ સિલસિલો ૧૯૭૦ના દશકથી શરૂ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદના કેટલાક અપવાદના વર્ષોને બાદ કરતા દર વર્ષે ઉલ્લંઘનની હદ વધી રહી છે. ૨૦ વર્ષ પહેલા સ્થિતી એ હતી કે વર્ષ ભરના સંશાધનો ના ક્વોટાને ૩૦મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ જતા હતા. આ તારીખને ઓવરશુટ ડે તરીકે ગણવામાં આવે છે. દસ વર્ષમાં આ તારીખ હવે ખસીને ૧૫મી ઓગષ્ટ સુધી પહોંચી ગઈ છે. આ વર્ષે ગયા વર્ષની તુલનામાં બે દિવસ પાછળ છે અને તારીખ પહેલી ઓગષ્ટ થઈ ગઈ છે. એટલે કે સાલના બાકીના પાંચ મહિનામાં જે સંશાધનોનો ઉપયોગ કરવામાં આવશે તે સંશાધન ભવિષ્ય માટે લેવામાં આવનાર સંશાધન તરીકે રહેશે. કહેવા માટેની કોઈ જરૂર નથી કે ભવિષ્યની કિંમતપર વર્તમાનને ચકાચક બનાવી રાખવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ વૃતિ સર્વનાશના પળને ઝડપથી અમારી નજીક લાવી રહી છે. સારી બાબત એ છે કે આ પ્રક્રિયા હજુ સુધી બેકાબુ થઈ નથી. સાવધાનીપૂર્વક જો આગળ વધવામાં આવે તો આ ગતિવિધીને રોકી શકાય છે. કારણ કે સંશાધનોનો ઉપયોગ સીધી રીતે અમારા વિકાસ સાથે અને તેની ગતિ સાથે જોડાયેલા છે.



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા

## શું ભારતનું ચંદ્રયાન-૩ અને રશિયાનું લૂના-૨૫ ચંદ્ર પર એક જ દિવસે લેન્ડિંગ થશે ???

ભારતે ચંદ્રયાન-૩ ગત ૧૪મી જુલાઈ -૨૦૨૩નાં રોજ અને રશિયાએ લૂના -૨૫ ૧૧મી ઓગસ્ટ - ૨૦૨૩ લોન્ચ કર્યું પરંતુ ચંદ્રયાન-૩ મિશન રશિયાના લૂના-૨૫ મિશન પછી ચંદ્રની સપાટી પર પહોંચી શકે છે. તેનું કારણ એ છે કે ચંદ્રયાન-૩ લૂના-૨૫ મિશનની સરખામણીમાં લાંબા રસ્તાની સફર કરી રહ્યું છે. જોકે ચંદ્રયાન-૩ પોતાની સફર મારફતે પૃથ્વી અને ચંદ્રમાંના ગુરુત્વાકર્ણનો લાભ લેવા માગે છે. જેથી તે ઘણું ઓછું ઈંધણ વાપરશે.

ઈમેજ સ્રોત, ટ્વીટર લૂના-૨૫ જલ્દી ચંદ્ર પર પહોંચવા વિશેના સવાલો મામલે 'રિચિંગ ફૉર ધ સ્ટાર્સ :ઈન્ડિયાઝ જર્ની ટુ માર્સ ઍન્ડ બિયોન્ડ'ના લેખક તથા વિજ્ઞાન પત્રકાર પલ્લવ બાગલા સાથે વાત કરી.તેમણે કહ્યું, "આ શક્તિશાળી રૉકેટ ધરાવવાનો મામલો છે. રશિયાનું રૉકેટ વધુ મોટું છે. આપણું રૉકેટ નાનું છે. એટલે આપણું રૉકેટ ચંદ્રયાન-૩ને આટલો વેગ નહીં આપી શકે, જેથી એ વધુ ઝડપે ચંદ્ર તરફ જઈ શકે."

તેમણે કહ્યું, "શક્તિશાળી અને મોટું રૉકેટ વધુ ખર્ચાળ હોય છે એટલા માટે ભારતે નાના રૉકેટ મારફતે હેતુ પાર પાડવાનો પ્લાન બનાવ્યો. પરંતુ મોટી વાત એ છે કે ભારતે તક ન ગુમાવી. તેણે પોતાના મર્યાદિત સંસાધનો છતાં, પોતાના મિશનને લૉન્ચ કરી બતાવ્યું. આ ભારતીય વૈજ્ઞાનિકો ની ઉપલબ્ધિ છે. જ્યારે રશિયાની તુલનામાં એ રશિયાના અંતરિક્ષ મિશન મામલા માં ભારત દેશ નાનો ખેલાડી છે."

ઈસરોએ લૂના-૨૫ની સફળ લૉન્ચિંગ પર રોસ્કૉસ્મૉસને શુભેચ્છા આપી છે.ઈસરોએ ટ્વીટ કરીને લખ્યું છે—લૂના-૨૫ના સફળ લૅન્ડિંગ પર રોસ્કૉસ્મૉસને અભિ નંદન આપણી અંતરિક્ષ યાત્રા ઓમાં મુલાકાત માટે વધુ એક પડાવ હોવાની બાબત અદ્ભુત છે.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહેલીવાર લૅન્ડિંગ કરવાનું, આ મિશન ખાસ કેમ છે?રશિયા આ પૂર્વે ૧૯૭૬માં ચંદ્ર પર મિશન લૂના-૨૪ પહોંચી ચૂક્યું છે. હજુ સુધી મૂન મિશન હેઠળ છોડવામાં આવેલા અંતરિક્ષ યાન આના ઈક્વેટર સુધી પહોંચ્યું છે. એવું પહેલીવાર બનશે કે કોઈ મિશન ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઊતરશે.

૧૯૭૬માં લૉન્ચ કરવામા આવેલું લૂના-૨૪ ચંદ્રથી લગભગ ૧૭૦ ગ્રામ માટી લઈને સુરક્ષિત પૃથ્વી પર પરત ફરશે. અંતરિક્ષ વૈજ્ઞાનિક વ્લાદિમીર સાર્ડિનનું કહેવું છે કે લૂના-૩૫ મિશનની સફળતાની સંભાવતા પચ્ચાસ ટકા છે.તેનું મૂન મિશન સફળ રહ્યું તો એ તેની મોટી સફળતા હશે. યુક્રેન પર હુમલા બાદ પશ્ચિમી દેશોની સ્પેસ એજન્સીનો રશિયાની એજન્સીઓ વચ્ચે પરસ્પર સહયોગ ખતમ થઈ ચૂક્યો છે.

યુરોપિયન સ્પેસ એજન્સીએ લૂના-૨૫માં પોતાનું પાયલટ-ડી નેવિગેશન કૅમેરા જોડીને તેનો ટેસ્ટ કરવાની યોજના બનાવી હતી. પરંતુ યુક્રેન પર રશિયાના હુમુલા બાદ તેમણે આ યોજના છોડી દીધી હતી.

અમેરિકા અંતરિક્ષ યાત્રી નીલ આર્મસ્ટ્રોંગ ૧૯૬૯માં ચંદ્રમા પર પહોંચનારા પ્રથમ વ્યક્તિ હતા. રશિયા (સોવિયેત સંઘ)નું લૂના-૨ મિશન ૧૯૫૯માં ચંદ્રમાની સપાટી પર પહોંચનારું પ્રથમ અંતરિક્ષ યાન હતું. ૧૯૬૬માં લૂના-૯ મિશન ચંદ્ર પર રશિયાનું પ્રથમ સૉફ્ટ લૅન્ડિંગ મિશન હતું.

રોસ્કૉસ્મૉસે જણાવ્યું કે મિશનનો હેતુ સૉફ્ટ-લૅન્ડિંગ ટૅક્નૉલૉજી વિકસિત કરવાનું છે.સાથે જ ચંદ્ર માની આંતરિક સંરચના પર શોધ કરવા અને પાણી સહિત બીજી જરૂરી વસ્તુઓની શોધ કરવાનું તેનું મિશન છે. ચંદ્રયાન -૩ અને લૂના -૨૫ એકમેકના અભિયાનમાં સફળ થાય તેવી પ્રાર્થના. દક્ષિણ ધ્રુવ પર ઉતરાણ કોણ ૨૧મી ઓગસ્ટ થી ૨૩મી ઓગસ્ટ સુધીમાં કોણ કરશે તે બાબતે ભારત અને રશિયાના વૈજ્ઞાનિકોની નજર છે.

# રાણી સુમિત્રા એ રામાયણનું મુખ્ય પાત્ર હોવા છતાં મૌન છે, પણ આ મૌન જ કદાચ એની અલભ્ય શક્તિનું કારણ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)





હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે સોમવાર એટલે ચરિત્રની ઓળખ! જેમાં આપણે હમણાં ત્રેતાયુગના પ્રણેતા ભગવાન શ્રી રામના જીવન આસપાસનાં ચરિત્ર દર્શન કરી રહ્યાં છીએ. સામાન્ય માનવીના જીવનથી લઈને ઊંચામાં ઊંચા હોદ્દા પર બિરાજમાન, કોઈપણ સિધ્ધ કે પ્રસિદ્ધ વ્યક્તિને પણ જાગૃતિની જરૂર પડતી હોય છે. જાગૃતિ વગર જીવનના તટસ્થતા કે નીતિ પૂર્વક જીવી શકવું શક્ય નથી. જાગૃતિ એ એક ઝબકતી જ્યોત છે, જે આપણા જીવન પથને અજવાળે છે, અને આપણને સતત સાચા-ખોટાનો ભેદ સમજાવે છે. પરંતુ ઘણી વાર એવું થતું હોય છે કે, જાગૃતિ પણ પૂરતી હોય અને સાચા ખોટાનો ભેદ પણ જાણતાં હોઈએ, છતાં ખોટું આચરણ થાય, અને એના ઘણા કારણો છે. એમાંનું એક કારણ મમતા પણ છે, મમતા અને મોહ આ બે વિકાર પણ છે, અને ગુણ પણ છે. જેનું દરેક સમયે મૂલ્ય અલગ હોય છે, એટલે આપણી જીદ અથવા આપણો આગ્રહ, ક્યારેક આપણને ભારે પડી જાય છે, અને એને કારણે ખોટું આચરણ થઈ જતું હોય છે. આજે આપણે જાગૃતિનો અવતાર એવા લક્ષ્મણ શત્રુઘ્નની માતા રાણી સુમિત્રા વિશે ચિંતનમાં વાત કરીશું.

રાણી સુમિત્રા એ રામાયણનું મુખ્ય પાત્ર હોવા છતાં મુક પાત્ર છે, અને એને કારણે ઘણાને ગેરસમજ પણ થઈ છે, કે તે કોઈ વિશિષ્ટ ગુણ ધરાવતા નથી, મારી માટે પણ આજે મુક પાત્ર ને બોલાવવું એટલે કે જેનો બહુ ઉલ્લેખ ન હોય તેના વિશે લખવું એ થોડું ટફ છે,પણ આ મૌન જ કદાચ એની અલભ્ય શક્તિ નું કારણ છે, જોઈએ હવે શું લખાય છે તે. રાણી સુમિત્રાએ રાજા દશરથના ત્રીજા રાણી હતાં, અને ભલે રાજા દશરથ એ પુત્ર કામના માટે તેમની સાથે લગ્ન કર્યા હતાં. પરંતુ તે સુંદર અને સહનશીલ તેમજ સંસ્કારી મહિલા હતાં. પતિનું માન સન્માન કરવું, અને તેની આજ્ઞા માનવી એ તેના આદર્શ ગુણોમાંનો એક ગુણ હતો, અને કદાચ આવા પૂર્ણ સમર્પણ ને કારણે જ ભારતીય નારીને સમર્પણની દેવી કહેવામાં આવે છે. આ ઉપરાંત પણ તે ઘણા ગુણ ધરાવતા હતાં, અને એ પૂર્ણ સત્યાગ્રહી પણ હતાં. રાણી સુમિત્રા એ કૌશલ્યા અને કૈકેયી ને પોતાની બેન માનતાં હતાં, અને આથી જ રાજા દશરથ પ્રત્યે તેમને કોઈ ફરિયાદનો ભાવ નહોતો. રાજા દશરથ પોતાની પ્રિય અને માનીતી રાણી કૈકેયી સાથે જ સમય વ્યતિત કરતા હતાં, અને રાણી સુમિત્રા કૌશલ્યાને પોતાની મોટીબેન સમજી તેની સેવામાં સમય પસાર કરતાં હતાં, તથા કૌશલ્યા અને કૈકેયી પણ તેને પોતાની બેન માનતા હતા. જ્યારે ઉંમરની મોટી અવસ્થા સુધી રાજા દશરથ ને પુત્ર પ્રાપ્તિ થઈ નહિ, ત્યારે તેઓ પોતાના મનની વાત ગુરૂ વશિષ્ઠને જણાવે છે, અને શૃંગી ઋષિ ના માર્ગદર્શન અનુસાર પુત્રકામેષ્ઠિ યજ્ઞ કરે છે. યજ્ઞ દેવતા પ્રસન્ન થાય છે, અને પ્રસાદનો ચરૂ રાજા દશરથને આપે છે. ખીર જેવો આ પ્રસાદ રાજા દશરથ રાણી કૌશલ્યા, અને કૈકેયીમાં વિભાજીત કરે છે, અને તે બંન્નેના હાથે એમાંથી થોડો થોડો ભાગ સુમિત્રા ને અપાવે છે, એ વાત આપણે સૌ જાણીએ છીએ, અને તેથી કૌશલ્યા તથા કૈકેયીને એક એક પુત્ર જ્યારે સુમિત્રાને બે પુત્ર પ્રાપ્ત થાય છે.

ત્રણે રાણીઓ સમયાંતરે પુત્રને જન્મ આપે છે અને તેનું નામકરણ કરવામાં આવે છે કૌશલ્યાના પુત્રનુ નામ શ્રી રામ રાખવામાં આવે છે, જ્યારે કૈકેયીના પુત્રનું નામ ભરત એટલે કે સૌનું ભરણ પોષણ કરનાર રાખવામાં આવે છે, અને સુમિત્રાના પુત્રોના નામ લક્ષ્મણ અને શત્રુઘ્ન રાખવામાં આવે છે. આમ તો આ ચારે પુત્રોની દેખરેખ માતા સુમિત્રા જ કરતાં હતાં, અને બાળકો પણ સૌથી વધુ સમયે તેમની પાસે જ રહેતાં હતાં. કહેવાય છે કે ઘણી વખત બાળ રામ સુવે નહીં, તો કૌશલ્યા મા તેને સુમિત્રા પાસે લઈ જતાં અને કહેતા લે તારા પુત્રને સુવાડ!

ઘણા વ્યક્તિનું વ્યક્તિત્વ જ એવું હોય છે કે તે આદર્શ અને સંસ્કારી હોવા છતાં મુક રહેતા હોય છે, અને એને કારણે તેની કદર થતી નથી. પરંતુ તે તેના સંતાનોને નામે તે ઓળખાવાનું પસંદ કરે છે. રાણી સુમિત્રા પણ આવુ જ વ્યક્તિત્વ ધરાવતાં હતાં, તે લક્ષ્મણ અને શત્રુઘ્નના માતા તરીકે ઓળખાવાનું વધારે પસંદ કરતાં હતાં. તેમણે લક્ષ્મણ અને શત્રુઘ્નને શ્રીરામની સેવા માટે જ તમારો જન્મ છે, એવું નાનપણથી શીખવ્યું હતું. જ્યારે રાજા દશરથ ભગવાન શ્રી રામને વનવાસમાં જવાનો આદેશ આપ્યો, ત્યારે લક્ષ્મણ માટે આ વાત ન હોવા છતાં, તે ભગવાન શ્રીરામ સાથે જવાનો નિર્ણય કરે છે, અને આ માટે સુમિત્રા જ તેને કહે છે કે, હે પુત્ર જ્યાં રામ છે ત્યાં જ તારું આયોધ્યા છે, માટે તું તેની સાથે વનવાસમાં જા. ભગવાન શ્રી રામ જાણતાં હતાં કે પોતે આશીર્વાદ લેવા જશે, તો માતા ન્યાય માટે રાજા દશરથને પણ લલકારી શકે તેમ છે, માટે જ એકલાં લક્ષ્મણને મોકલે છે,અને જ્યારે રાવણ સાથે યુદ્ધ થાય છે, યુદ્ધનાં મેદાનમાં મેઘનાથનાં હાથે લક્ષ્મણજી મૂર્છિત થાય છે. ત્યારે સુમિત્રા ખૂબ જ ખુશ થાય છે, અને કહે છે કે, હે લક્ષ્મણ બસ તું આ જ રીતે પ્રભુ શ્રી રામની સેવા કરવા હંમેશા તત્પર રહેજે, તે મને પુત્રવતી હોવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. પણ આટલું જ નહીં આ સમાચાર મળતાં એમણે શત્રુઘ્ન ને પણ લંકા પહોંચી પ્રભુ શ્રી રામની મદદ કરવા આદેશ આપ્યો હતો. તો આ છે રાણી સુમિત્રા, કે પછી માતા સુમિત્રા, કે એક બહુ ઉમદા અને ઉદાર વિચારો ધરાવતા મહીલા હતાં.

ખુદની જાગૃતિ વગર જાગૃત પુરુષને જન્મ આપી શકાય નહીં, એ વાત રાણી સુમિત્રાનાં પાત્રમાંથી શીખવાની છે. એટલે કે તત્વતઃ કોઈ પણ પ્રકારની કલા કે વિદ્યા પ્રાપ્ત કરવી હોય તો જાગૃતિ આવશ્યક છે, અને તો જ તે કલા કે વિદ્યા ત્યાં આગળ કાયમ ટકી શકે છે, અને પછી જે સિદ્ધિ મળે છે,એ શુદ્ધ પણ રહે તેનું જતન પણ થાય છે. શુદ્ધતા વગર સિદ્ધિ મળે તો પણ તેનું મૂલ્ય એટલું હોતું નથી, અથવા લાંબો સમય ટકતી નથી. કલાવાન કે વિદ્યાવાન માટે જ જાગૃતિની જરૂર છે એવું પણ નથી, આજના આ ભયંકર કળિયુગમાં તો સામાન્ય માનવીને પણ જીવનના જીવવા માટે સતત જાગૃત રહેવું પડે છે, પણ રહી શકાતું નથી, એ હકીકત છે. એક સામાજિક ઉદાહરણ જોઈએ તો, આ વાત વધુ સમજાશે. જેમકે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં દારૂબંધી છે, પણ એક સર્વે અનુસાર સૌથી વધુ દારુ ગુજરાતમાં જ પીવાય છે, અને એવું પણ નથી કે ગુજરાતીઓ એના નુકશાનથી અજાણ છે! આ વ્યસનની ઘણાંયે ઘણી મોટી કિંમત પોતાના સ્વજનને ગુમાવીને ચૂકવી છે. એટલે કે સાચા-ખોટાનો ભેદ સૌ જાણે છે, પણ હરક્ષણની જાગૃતિ રહેતી નથી, અને તેને કારણે અનાચરણ થાય છે. આપણા બુદ્ધ પુરુષો જાણતા હતા કે આ વ્યસન, વ્યક્તિનું પતન કરનાર છે, માટે તેની બંધી કરવામાં આવી છે,પણ જે હવે કહેવા માત્રનું રહી ગયું છે. જાગૃતિનો અભાવ નીતિ વગરનું જીવન જીવાડે છે, અને જ્યાં જાગૃતિ ન હોય ત્યાં ભ્રષ્ટાચાર સંભવ છે, એટલે આ રીતે આદર્શ કહી શકાય એવા સંસ્કારો ધરાવતી હોવા છતાં જાગૃતિ ના અભાવે ગુજરાતી પ્રજા આજે આંધળા અનુકરણમાં સૌથી આગળ છે અને એક દિવસ એ તેના પતનનું કારણ પણ બની શકે છે. આપણે સૌ આપણી આવનારી પેઢીને જાગૃતિનું મહત્વ સમજાવી શકીએ, અને આવાં દુષણોથી બચાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### સ્થિતિમાં સુધારો : અવિશ્વાસ પ્રસ્તાવ બાદ પણ અજંપાભરી સ્થિતિ

# મણિપુરમાં લોકોમાં વિશ્વાસ અતિ જરૂરી

## વિવિધ સમુદાયમાં ફેલાયેલી ગેરસમજને દુર કરવામાં નહીં આવે તો સ્થિતિ વધુ વણસી જશે, સુરક્ષાને તબક્કાવાર રીતે દુર કરવાની જરૂર

મણિપુરમાં સ્થિતિમાં હવે સુધારો થઈ રહ્યો છે. જો કે, હજુ અજંપાભરી સ્થિતિ પ્રવર્તી રહી છે. આવી સ્થિતિમાં મણિપુરને લઈને તમામ લોકો અને રાજનેતા ખુબ સાવધાનીપૂર્વક વલણ અપનાવે અને કોઈ ઉશ્કરેણીજનક નિવેદન ન કરે તે જરૂરી છે. સંસદમાં હાલમાં અવિશ્વાસ પ્રસ્તાવ લવાયા બાદ તમામ લોકો સમક્ષ અનેક બાબતો લોકો સુધી પહોંચી છે. જાતિય હિંસાની આગ વધુ વિકરાળ સ્વરૂપ પણ ધારણ કરી શકે છે. વિવાદનાં અસલી કારણ કેટલાક અન્ય છે. કારણ છે કે, જો કોર્ટનાં આદેશ મુજબ સરકાર મેતેઈ સમુદાયને જનજાતિનો દરજ્જો આપી દેશે તો તેઓ નાગા અને કુકી માટે અનામત વિસ્તારો પર કબજો જમાવવાની શરૂઆત કરી દેશે. મેતેઈ સમુદાય ત્યાં આર્થિક અને રાજકીય રીતે ખુબ શક્તિશાળી છે. મણિપુરમાં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. સેના, આસામ રાઈફલ અને સ્થાનિક પોલીસ દળને તૈનાત કરવામાં આવ્યા છે. ત્યાં કેટલી ખતરનાક સ્થિતિ છે તે બાબતનો અંદાજ આનાથી લગાવી શકાય છે કે, હજુ સુધી નવ હજાર કરતા વધારે લોકો વિસ્થાપિત બની ચુક્યા છે. મણિપુર સરકારનું કહેવુ છે કે, લોકો ગેરસમજનાં કારણે હિંસામાં ઉતરી ગયા છે. પરંતુ સવાલ એ છે કે ગેરસમજ ઉભી કઈ રીતે થઈ છે. કોના દ્વારા ગેરરીતિ ફેલાવવામાં આવી છે.

શું સરકારે ગેરસમજને દુર કરવાનાં પ્રયાસ કર્યા છે. જો સરકારે ગંભીરતાપૂર્વક વિવાદને ઉકેલવાનો પ્રયાસ કર્યો હોત તો સમસ્યા ઉભી થઈ ન હોત. હકીકતમાં બુધવારે મણિપુર હાઈકોર્ટે એક આદેશ જારી કર્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતુ કે સરકાર મેતેઈ સમુદાયને આદિવાસી સમુદાયનો દરજ્જો આપવા માટે વિચારણા કરે. આને લઈને બીજા આદિવાસી સમુદાયનાં લોકો હિંસામાં ઉતરી ગયા છે. અલબત્ત આ મામલો કોઈ નવોનથી. મેતેઈ સમુદાય દ્વારા લાંબા સમયથી પોતાને આદિવાસી સમુદાયનો દરજ્જો આપવા માટે માંગણી કરી રહ્યા છે. આ સંબંધમાં કોર્ટનો દરવાજો ખખડાવવામાં આવ્યો હતો. જો કે આ હિંસક દેખાવ માટે મુખ્ય કારણ કોર્ટનો નિર્ણય નથી પરંતુ સરકારનું વલણ છે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં જ્યારે સરકારે પહાડી વિસ્તારોમાંથી ગેરકાયદે પ્રવાસી લોકોને કાઢવાની શરૂઆત કરી ત્યારે પ્રથમ વખત હિંસા ભડકી હતી. ત્યાંની નાગા અને કુકી સમુદાયની ૩૩ જાતિઓને જનજાતિનો દરજ્જો મળેલો છે. તેમના માટે નક્કી કરવામાં આવેલા વિસ્તારમાં અન્ય કોઈ બિન જનજાતિનો કબજો થઈ શકે નહીં. પરંતુ જે લોકોને પ્રવાસી ગણીને બહાર કાઢવામાં આવ્યા તે લોકોને કુકી સમુદાયનાં લોકો પોતાના ગણાવી રહ્યા હતા. હકીકતમાં વિવાદનું અસલી કારણ એ છે કે, જો કોર્ટનાં આદેશ પર સરકારે મેતેઈ સમુદાયને જનજાતિનો દરજ્જો આપી દેશે તો તેઓ નાગા અને કુકી માટે અનામત વિસ્તારમાં કબજો જમાવી લેશે. મેતેઈ સમુદાય ત્યાં આર્થિક અને રાજકીય રીતે ખુબ મજબુત અને તાકાતવર છે. તેમના હિસ્સામાં હજુ સુધી વિસ્તારો ભલે ઓછા છે પરંતુ સંખ્યાબળમાં તે અન્ય સમુદાય કરતા ખુબ આગળ છે. પ્રદેશની રાજનીતિમાં ૬૦ પૈકી ૪૦ વિધાનસભા સીટો પર તેમનુ પ્રભુત્વછે. આવી સ્થિતિમાં જનજાતિય સમુદાયોને ભય છે કે, જો આ સમુદાયને તક મળશે તો તેમના વિસ્તારમાં કબજો જમાવી લેશે. આ તમામ બાબતો હિંસા માટે જવાબદાર છે. હિંસા હાલમાં જારી રહી શકે છે.અલબત્ત હાલમાં ખુબ મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવ્યા બાદ હિંસા પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે. જો કે વ્યાપક અરાજકતા ફેલાઈ ગઈ છે. તમામ હિંસાવાળા વિસ્તારોમાં અંજપાભરી શાંતિની સ્થિતિ છે.

### ખરાબ લાઇફસ્ટાઇલના કારણે જૈવિક ઘડિયાળ બદલાઇ છે...

# અમારી જૈવિક ઘડિયાળ કેમ બગડી ?

## બાયોલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી માનસિક સમસ્યા, સ્થુળતા, કેન્સર ડાયાબિટીસ સહિતની પરેશાની આવી શકે છે

ખરાબ જીવનશેલી અથવા તો લાઈફસ્ટાઈલના કારણે અમારી જૈવિક ઘડિયાળ અથવા તો બાયોલોજિકલ ક્લોક બગડી રહી છે. ખરાબ ટેવને બદલીને આ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી અનેક પ્રકારની સમસ્યાઓ આવે છે જેમાં માનસિક સમસ્યા, સ્થુળતા, ઓછી ઉંઘ, ડાયાબિટીસ અને કેન્સર જેવી તકલીફનો સમાવેશ થાય છે. જાણકાર લોકો કહે છે કે જે બિમારી થાય છે તેના કારણે વધારે સમસ્યા ઉભી થાય છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી જે સમસ્યા થાય છે તેની વાત કરવામાં આવે તો તો સૌથી મોટી સમસ્યા ડાયાબિટીસની છે. મોડી રાત્રે ભોજન કરવાની સ્થિતીમાં આને પચાવવા માટે પેનક્રિયાઝ એન્જાઈમનુ સ્રાવ કરે છે. આવુ સામાન્ય રીતે વારંવાર કરવાની સ્થિતીમાં ડાયાબિટીસની આશંકા વધી જાય છે. જો પહેલાથી જ ડાયાબિટીસ રોગી છે તો બ્લડ શુગરમાં ઉતારચઢાવની સ્થિતી રહી શકે છે. આવી જ રીતે બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ચાલવાથી કેન્સર જેવા જીવલેણ રોગ થવાનો પણ ખતરો રહે છે. લાંબા સમય સુધી જૈવિક ઘડિયાળની વિરુદ્ધ ચાલવાથી શરીરમાં કેટલાક પ્રકારના હાર્મોન્સના સ્રાવ અનિયંત્રિત થાય છે. લાંબા સમય સુધી અસંતુલનના કારણે પણ જીન્સમાં બદલાવ થાય છે. જેના કારણે કેન્સર રોગને આમંત્રણ મળે છે. બાયલોજિકલ ક્લોકની વિરુદ્ધ ભોજન કરવાની ટેવથી શરીર પૂર્ણ રીતે ભોજનને પચાવી લેવાની સ્થિતીમાં રહેતુ નથી. જેથી તે શરીરમાં ચર્બી તરીકે જમા થવા લાગે છે. જેથી શરીરમાં સ્થુળતાનુ પ્રમાણ વધવા લાગી જાય છે. માનસિક સમસ્યા પણ થાય છે. એકાગ્રતા ઘટવા લાગી જાય છે. ભુલવા અને ગુંચવણ જેવી સમસ્યા થાય છે. આના કારણે ઉંઘ ન આવવાની સમસ્યા થાય છે. આના કારણે યાદશક્તિ પર માઠી અસર થાય છે. શરીરના બાયલોજિકલ ક્લોકની સામે કામ કરવાના કારણે પાચન ક્રિયા બગડી જાય છે. આ જ કારણ છે કે મોડી રાત્રે ભોજન કરનાર વ્યક્તિને એસિડીટી જેવી સમસ્યા ઉભી થાય છે. ખરાબ લાઈફસ્ટાઈલને દુર કરીને તેને પાટા પર લાવી શકાય છે. ચાર પગલા જો લેવામાં આવે તો લાઈફસ્ટાઈલને પાટા પર લાવી શકાય છે. રાત્રે રોજ આઠ કલાકની ઉંઘ માણવામાં આવે તે જરૂરી છે. બાળકોને ૧૦ અને મોટી વયના લોકો સાત કલાક સુધી નીંદ લે તે જરૂરી છે. સમયસર ભોજનની પણ લાઈફસ્ટાઈલને પાટા પર લાવવામાં ભૂમિકા છે. ઉઠી ગયા બાદ બે કલાક પછી પૌષ્ટિક ભોજન લેવામાં આવે તે જરૂરી છે. સવારમાં નાસ્તો કરવાની જરૂર હોય છે. બપોર પહેલા ફળ લેવાની જરૂર હોય છે. બપોરમાં ૧૨થી એક વાગે વચ્ચે લંચ લેવાની જરૂર હોય છે. સાંજે ચાર-૫ વાગે વચ્ચે હળવો ભોજન કરવાની જરૂર હોય છે. રાત્રે આઠ વાગ્યા સુધી ડિનર કરી લેવા નિષ્ણાંતો સલાહ આપે છે. શરીરના વજન મુજબ ભરપુર પ્રમાણમાં પાણી પીવાની જરૂર હોય છે. પ્રતિ ૨૦ કિલોગ્રામ વજન પર એક લીટર પાણીની જરૂર હોય છે. એક વખતમાં એક ગ્લાસ જ પાણી પિવામાં આવે તે જરૂર છે. કોઈ રોગ છે તો તબીબના કહેવા મુજબ પાણીનો ઉપયોગ કરવાની જરૂર હોય છે.

# ઈલાયચીના સેવનથી મળશે આ ફાયદા, કેન્સર જેવી બીમારીને શરીરથી દૂર રાખશે

લીલી ઈલાયચી તો તમે જોઈ જ હશે. ખાવાનો સ્વાદ વધારવા માટે તેનો ઉપયોગ કુકિંગ દરમ્યાન થાય છે. પણ આપને જણાવી દઈએ કે, લીલી ઈલાયચી ફક્ત ખુશ્બુ અને સ્વાદ માટે નહીં પણ કેટલાય હેલ્થ બેનિફિટ્સ માટે પણ ખાવામાં આવે છે. લીલી ઈલાયચી કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, કેલ્શિયમ, પોટેશિયમ, આયરન, મેગ્નેશિયમ, ફોસ્ફોરસ અને ફાઈબર જેવા પોષક તત્વોથી ભરપૂર થાય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. લીલી ઈલાયચી જેને ઘણા લોકો નાની ઈલાયચીના નામથી જાણવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે કેટલીય રીતે ફાયદાકારક સાબિત થઈ શકે છે. હકીકતમાં જોઈએ તો, લીલી ઈલાયચીમાં એન્ટી બેક્ટીરિયલ અને એન્ટી માઈક્રોબિયલ ગુણ હોય છે, જે સ્વાસ્થ્ય સંબંધિત ઘણી બધી તકલીફો દૂર કરવામાં સારી એવી ભૂમિકા નિભાવે છે.



આવો મેડિકલ ન્યૂઝ ટુડેના જણાવ્યા અનુસાર, જાણીએ તેના ફાયદા વિશે. હાર્ટને રાખે છે સ્વસ્થ- લીલી ઈલાયચીને દરરોજ ડાયટમાં સામેલ કરવાથી આપને હ્રદયની બીમારીથી બચાવી શકશે. આપને જણાવી દઈએ કે, એન્ટીઓક્સિડેન્ટ તત્વોથી ભરપૂર લીલી ઈલાયચી હાર્ટને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તેના સેવનથી હાર્ટ રિલેટેડ પ્રોબ્લેમ હોવાથી રિસ્ક ઓછું થઈ જાય છે. ઓરલ હેલ્થને સ્વસ્થય બનાવી રાખે છે- લીલી ઈલાયચી ફક્ત મોંની દુર્ગંધને દૂર કરવામાં મદદ કરે છે. તે ઓરલ ઈંફેક્શન, કૈવિટી અને સ્વેલિંગને દૂર રાખવામાં મદદ કરે છે. ઓરલ હેલ્થને સારુ રાખવા માટે પણ આપ દરરોજ ઈલાયચી ચાવી શકો છો. લિવરને હેલ્દી રાખશે- લીલી ઈલાયચી ખાવાથી લીવરને હેલ્દી રાખવામાં મદદ મળે છે.

હકીકતમાં જોઈએ તો, લીલી ઈલાયચીમાં ડિટોક્સીફાઈંગ એજન્ટ હોય છે, જે ટોક્સિનને બહાર કાઢીને લીવર સંબંધી બીમારી હોવાનો ખતરો ઓછો કરે છે. કેન્સરને દૂર રાખે છે. કેન્સરને દૂર રાખવામાં પણ લીલી ઈલાયચીની ભૂમિકા ખૂબ જ સારી હોય છે. હકીકતમાં જોઈએ તો, લીલી ઈલાયચી એન્ટી કેન્સર પ્રોપર્ટીઝથી ભરપૂર હોય છે, જે કેન્સર સેલ્સ ઘટાડવામાં મદદ કરે છે. ત્યારે આવા સમયે ઈલાયચીના સેવનથી આપ કેન્સરને ખુદથી દૂર રાખી શકો છો. કોલેસ્ટ્રોલ અને હાઈપરટેન્શન કંટ્રોલ કરે છે.



ઘણી વખત હોઠ કાળા થઈ જવાને કારણે ચહેરો ગંદો લાગે છે. આમ તમારા હોઠ પણ કાળા થઈ ગયા છે તો આ ઉપાય તમારા માટે બેસ્ટ છે. જે કરવાથી જો કાળા હોઠને કારણે તમારી પર્સનાલિટી ખરાબ થઈ ગઈ હોય તો તમે ફરીથી તેને સુધારી શકો છો. કાળા હોઠને ગુલાબી કરવા માટે હોમ મેડ બટર અને કેસર તમારા માટે બેસ્ટ ઓપ્શન છે. જે નેચરલ મોસ્ચયુરાઈઝરનું કામ કરે છે. આ માટે તમે એક બાઉલમાં એક ચમચી કેસર નાખીને બરાબર મિક્સ કરી લો. આ પેસ્ટને ૧ મિનિટ માટે ઢાંકીને મુકી રાખો. પછી આ પેસ્ટથી હોઠ પર હળવા હાથે એક મિનિટ માટે મસાજ કરો. આ પેસ્ટ તમે રેગ્યુલર લગાવશો તો હોઠ ગુલાબી થવા લાગશે. બીટના જ્યુસથી મસાજ કરો. આ મસાજ તમે રોજ કરશો તો ધીમે ધીમે તમારા હોઠ ગુલાબી થવા લાગશે. હોઠને સોફ્ટ અને ગુલાબી કરવા માટે તમે સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. જેના માટે તમે ખાંડને કરકરી પીસી લો અને પછી નારિયેળ તેલમાં મિક્સ કરો પછી આ હોમમેડ સ્ક્રબનો ઉપયોગ કરો. પોષણની અછત અને સ્મોકિંગ જેવા અલગ અલગ કારણોને લીધે હોઠ કાળા પડી જાય છે. જેને ઘરે જ કેટલાક ઘરેલું ઉપચાર અપનાવીને ઠીક કરી શકાય છે. આ માટે તમે લીંબુ, મધ, એલોવેરા અને નારિયેળ તેલનો (કોકોનટ ઓયલ) ઉપયોગ કરી શકો છો. આજે અમે તમને કાળા હોઠ દૂર કરવાના આ ઉપાયો વિશે જણાવીશું.

# જાણો આપણા જીવનમાં પૈસા વધારે મહત્વ ધરાવે છે કે બીજુ કઈ?

જીવનમાં પૈસા મહત્વનું હોય છે તે ખરેખર સાચું છે, પરંતુ તે જીવનની એકમાત્ર મહત્વાકાંક્ષા નથી. પૈસા એક માધ્યમ છે જે આપને જીવનની વિવિધ જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરી શકે છે. પૈસાનો હાજરો હોય તો તમે રોજગાર પ્રાપ્ત કરી શકો છો, પોતાની પરિવારના સભ્યોની જરૂરિયાતોને પૂરી કરી શકો છો, સંપત્તિ વિક્રેતાઓથી નીચાની વસ્તુઓ ખરીદી શકો છો અને તમારી આવક વધારી શકો છો.

પૈસા કેવળ એક વસ્ત્રપેશી નથી, જે આપના સમાજિક સ્થાન અને આત્મવિશ્વાસને વ્યક્ત કરે છે. તમારી સંતોષ, સુખ, સંબંધો, સ્વાસ્થ્ય અને સમાન પ્રમાણે આનંદમાં પૈસાનો યોગદાન છપાવી શકે છે. તેજસ્વી જીવન સ્વરૂપી વસ્તુ બનાવવા માટે, પૈસાનો ઉપયોગ સાર્વત્રિક નથી. આપની શિક્ષા, કલા, સાંસ્કૃતિક વિકાસ, નૈતિકતા અને આત્મસાતત્ય વિકાસને પણ મહત્વ આપવું જરૂરી છે. આ દરેક આશાઓ, યોજનાઓ અને સ્વપ્નોને પૂર્ણ કરવા માટેનું પ્રયાસ કરવું જરૂરી છે.



તમારી આપણી આદતો, યોગ્યતાઓ અને સંપન્નતાને સુધારવામાં પૈસા કરાર મોટો ભાગ આપે છે, પરંતુ તેનો એકલ માધ્યમ તમારા જીવનનો એકલ માધ્યમ નથી. તમારા સતત સંપત્તિ અને યોગ્યતાને વિકસિત કરવા માટે આપને શૈક્ષણિક, વ્યાપારિક, કૌશલીક અને નીતિવચનોની વિશેષ આવશ્યકતા છે. તેમાંથી પૈસા જીવનની એક મુખ્ય અંગ છે, પરંતુ તેની સર્વેશ્વરતા હવેથી ખરી નથી.

# એસિડિટીથી કંટાળી ગયા છો? તો આ ઘરેલુ ઉપાયોથી તરત રાહત મેળવો

ખરાબ લાઈફ સ્ટાઈલ અને ખોટી આદતને કારણે લોકોને એસિડિટીની સમસ્યા વધારે થાય છે. એસિડિટીની સમસ્યાને કારણે પેટમાં બળતરા વધારે થાય છે. આ માટે એસિડિટીની સમસ્યામાંથી રાહત મેળવવી ખૂબ જરૂરી છે. એસિડિટીની સમસ્યા દિવસેને દિવસે લોકોમાં વધી રહી છે. એસિડિટીની સમસ્યામાં પેટમાં દુખાવો અને બળતરા થતી હોય છે. પેટમાં બળતરા થવાને કારણે વ્યક્તિ કંટાળી જાય છે. ઘણી વાર પેટમાં બળતરા એટલી બધી થતી હોય છે કે આપણે સહન કરી શકતા નથી. આ માટે એસિડિટીની સમસ્યામાંથી રાહત મેળવવી ખૂબ જરૂરી છે. તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે રાત્રે તીખો ખોરાક ખાવાનું ટાળો. તીખો ખોરાક ખાવાથી એસિડિટીની સમસ્યા વધારે થાય છે. આમ, તમને એસિડિટીની સમસ્યા વઘારે થાય છે તો તમે આ ઘરેલુ ઉપ ાયોથી રાહત મેળવો. આ ઘરેલુ ઉપાયોથી તમને તરત રાહત થઈ જશે. તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે સૌથી પહેલાં રાત્રે મોડા જમવાનું ટાળો. રાત્રે મોડા જમવાથી એસિડિટીની સમસ્યા વધારે થાય છે. આ માટે હંમેશા સાંજનો ખોરાક વહેલા ખાઈ લો. સાંજે તમે બને ત્યાં સુધી ૭ વાગ્યા પહેલાં જમી લો. આમ કરવાથી તમને એસિડિટીની સમસ્યામાંથી રાહત મળી જશે.



એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે હિંગ અને કાળા મીઠાનું પાણી પીઓ. હિંગ અને કાળા મીઠાનું પાણી પીવાથી એસિડિટની સમસ્યામાંથી રાહત મળે છે. આ પાણી બનાવવા માટે સૌ પ્રથમ એક કપ પાણી મુકો અને એમાં ચપટી હિંગ અને અડધી ચમચી કાળુ મીઠું નાખો. પછી આ બન્ને વસ્તુ બરાબર ઓગળી જાય એટલે ગેસ બંધ કરી દો. હવે આ હુંફાળુ પાણી પીઓ. આ પાણી પીવાથી તમને પેટમાં રાહત થઈ જશે. આ પાણી પીવાથી એસિડિટીની સમસ્યામાંથી રાહત મળી જાય છે. તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો કેળા ખાવાનું રાખો. કેળા ખાવાથી પેટમાં બળતરા થતી નથી. તમે દિવસમાં બે કેળા ખાઓ છો.

# શું લીલાં મરચાં આપણા રોજિંદાઆહાર માટે ફાયદાકારક છે?

લીલાં મરચાં આપણા રોજિંદાઆહારનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, મોટાભાગની ભારતીય વાનગીઓમાં મરચાંનો ઉપયોગ સ્વાદને વધારવા માટે કરવામાં આવે છે. તો ચાલો જાણીએ તેના ફાયદા અને ગેરફાયદા, લીલું મરચું એક એવી ખાદ્ય સામગ્રી છે જેના વિના મોટાભાગનો ખોરાક અધૂરો લાગે છે અને જો આપણે ભારતીય ખાણાંની વાત કરીએ તો લીલાં મરચાંને બિલકુલ અવગણી શકાય નહીં. આ તીખા મરચાનો ઉપયોગ દરેક વ્યક્તિ કરે છે, પરંતુ મોટાભાગના લોકો તેના ફાયદા વિશે જાણતા નથી. શાકભાજી અને કઠોળની સાથે-સાથે તેનો ઉપયોગ સલાડમાં પણ કરવામાં આવે છે. લીલાં મરચાં સ્વાસ્થ્ય માટે કેમ ફાયદાકારક છે? લીલાં મરચામાં ઘણા પ્રકારનાં પોષક તત્ત્વો જોવા મળે છે. જેમ કે વિટામિન એ, વિટામિન બી૬, વિટામિન સી, આયર્ન, કોપર, પોટેશિયમ, પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ. આટલું જ નહીં, તેમાં બીટા કેરોટીન, ક્રિપ્ટોક્સેન્થિન, લ્યુટીન-ઝેક્સાન્થિન વગેરે સ્વાસ્થ્યવર્ધક વસ્તુઓ સામેલ છે. વજન ઘટાડવામાં મદદરૂપઃ મોટાપ ાના કારણે વ્યક્તિને સ્વાસ્થ્ય સંબંધિત ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.



જો તમે લીલાં મરચાંનું સેવન કરો છો, તો તે વજન વધવાની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. આંખો માટે ફાયદાકારકઃ લીલાં મરચાં આંખોને સ્વસ્થ રાખવા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. મરચામાં બીટા કેરોટીન હોય છે. જે આંખોને સ્વસ્થ રાખવાની સાથે આંખોની રોશની વધારવામાં મદદ કરે છે. સંશોધનમાં જાણવા મળ્યું છે કે લીલાં મરચામાં લ્યુટીન અને ઝેક્સાન્થિન જેવા પોષક તત્ત્વો તેમજ એન્ટીઓક્સિડેન્ટ ગુણ હોય છે. લીલાં મરચામાં જોવા મળતા આ ગુણો અને પોષક તત્ત્વો આંખના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે.

કૅન્સર સામે અસરકારકઃ મરચાંના ઉપયોગથી કૅન્સરને ઘણી હદ સુધી દૂર રાખી શકાયછે. તેમાં એન્ટિ-ઓક્સિડેન્ટ હોય છે જે તમારા શરીરની આંતરિક સફાઈની સાથે મુક્ત રેડિકલથી બચાવીને કૅન્સરનું જોખમ ઘટાડી શકો છો. જો કે કૅન્સર એક એવો રોગ છે, તેને દૂર રાખવા માટે આપણે ડૉક્ટરની સલાહ અવશ્ય લેવી જોઈએ. હૃદયને સ્વસ્થ રાખવ માટે પણ લીલાં મરચાંનું સેવન કરી શકાય છે. તેમાં એક એવું સંયોજન જોવા મળે છે, જે મરચાંને તીખા અને ગુણવત્તાસભર બનાવે છે. આ સંયોજન હૃદય રોગની સમસ્યાને દૂર કરવામાં અને હૃદયને રક્ષણ આપવા માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. ત્વચા માટે ફાયદાકારકઃ વિટામિન-ઈથી ભરપૂર લીલાં મરચાં તમારી ત્વચા માટે પણ ફાયદાકરક છે. તેનાથી તમારો ચહેરો ચુસ્ત રહે છે અને ત્વચા હંમેશાં યુવાન અને સુંદર રહે છે. પાચનમાં મદદઃ સંશોધન મુજબ, લીલાં મરચાં ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ ડિસઓર્ડર પર સકારાત્મક અસર બતાવી શકે છે. વાસ્તવમાં, ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ ડિસઓર્ડરમાં અપચો, ઝાડા અને કબજિયાતનાં લક્ષણોનો સમાવેશ થાય છે, જે વિક્ષેપિત પાચન તંત્રનું પરિણામ છે.

BOLLYWOOD NEWS FLASH

**મોટાભાગના લોકો ફિલ્મ જોયા પછી ડાન્સ કરી રહ્યા છે, ત્યારે સની દેઓલે ઇન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે**



## Gadar 2 ફિલ્મ રિલીઝ બાદ ઈમોશનલ થયો સની દેઓલ

। મુંબઈ, તા.૧૩ ।

અનિલ શર્મા દિગ્દર્શિત ફિલ્મ 'ગદર'ની રિલીઝના ૨૨ વર્ષ બાદ, 'ગદર ૨'માં સની દેઓલ અને અમીષા પટેલને તારા સિંહ અને સકીનાની ભૂમિકામાં જોવા એ કોઈ ટ્રીટથી ઓછું નથી. આશ્ચર્યજનક વાત એ છે કે, જ્યારે મોટાભાગના લોકો ફિલ્મ જોયા પછી ડાન્સ કરી રહ્યા છે, ત્યારે સની દેઓલે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે. વીડિયોમાં સની દેઓલ ભાવુક થઈને માફી માંગતો જોઈ શકાય છે. તેઓ કહી રહ્યા છે, 'દરેકને નમસ્કાર. હું હમણાં જ જાગી ગયો છું અને તમારા બધા સાથે વાત કરવા માંગુ છું, કારણ કે હું ઘણા દિવસોથી આસપાસ ફરું છું અને તમારા બધા સાથે વાતચીત કરું છું. હું જાણું છું કે, તમે તારા સિંહ અને સકીનાના પરિવારને ખૂબ પ્રેમ કરો છો. તમે રાહ જોઈ રહ્યા હતા અને આજે તમે તે પરિવારને જોવા જઈ રહ્યા છો. સની દેઓલ આગળ કહે છે, 'આ પરિવાર એ જ છે જે તમે તેને છોડી દીધો હતો. તે એક સુંદર કુટુંબ છે. જ્યારે તમે મળવા જશો ત્યારે તમને ખૂબ આનંદ થશે. પરિવારને ભૂલથી પણ કોઈ ન ગમ્યું હોય તો લડશો નહીં, માફ કરશો. પરિવારના સભ્યો જ જાણે છે કે, દિલમાં માત્ર પ્રેમ છે. તમને સૌને પ્રેમ કરું છુ.

સની દેઓલે વીડિયોની સાથે કેપ્શનમાં લખ્યું છે કે, 'તમારા તારા સિંહ અને સકીનાએ આજે ??તેમના ઘરનો દરવાજો ખોલ્યો છે. તમે બધા આવો અને અમને મળો. વીડિયો પર એક યુઝરે કોમેન્ટ કરી, 'આગ હૈ સની સર. ગદર કરતાં મોટી. તે ઈતિહાસ રચવા જઈ રહ્યો છે. 'ગદર ૨'માં તમે દિલ ખોલીને વાત કરી છે. ગદર ૨ વિશે અન્ય એક યૂઝર કહે છે, 'આજે 'ગદર ૨' થિયેટરમાં ગુંજશે અને લોકોની ભીડ એકઠી થશે. જેઓ તેનો આનંદ માણે છે તેમને તે ગમવું જોઈએ. 'ગદર ૨' વિશે લોકોના અભિપ્રાય મિશ્રિત છે, જોકે ફિલ્મના એડવાન્સ બુકિંગે ઘણી કમાણી કરી છે અને ભવિષ્યમાં તે ભારે કમાણી કરશે તેવી અપેક્ષા છે.

## ઈશિતા દત્તા અને વત્સલ શેઠે દીકરાનું નામ વાયુ રાખ્યું છે

। મુંબઈ, તા.૧૩ ।

પોપ્યુલર ટેલિવુડ કપલ ઈશિતા દત્તા અને વત્સલ શેઠ ૨૦ જુલાઈએ દીકરાના પેરેન્ટ્સ બન્યા હતા. ઈશિતા અને વત્સલે હવે દીકરાનું નામ પાડી દીધું છે અને તેનો ખુલાસો પણ કરી દીધો છે. ઈશિતા દત્તા અને વત્સલ શેઠે ગુજરાતી રિવાજો પ્રમાણે બાળકનું નામ પાડ્યું છે. ઈશિતા અને વત્સલે તેમના દીકરાનું નામ વાયુ પાડ્યું છે. ઈશિતાએ નામકરણની વિધિનો વિડીયો શેર કર્યો છે. જેમાં જોઈ શકાય છે કે ઘરની મહિલાઓએ ચાદરનું પારણું બનાવ્યું છે જેમાં ઈશિતા પોતાના દીકરાને સૂવડાવે છે. જે બાદ બધી મહિલાઓ ગાય છે કે 'ઓળી ઝોળી પીપળ પાન ફોઈએ પાડ્યું વાયુ નામ'.



આ રીતે કપલે બાળકના નામનો ખુલાસો કર્યો હતો. ગુજરાતી લોકો આ ગીત ગાઈને બાળકનું નામ પાડતા હોય છે ત્યારે આ પોપ્યુલર કપલે પણ પરંપરાને અનુસરતાં બાળકનું નામ પાડ્યું હતું. નામકરણ વિધિ માટે ઘરને ફુગ્ગાથી સજાવાયું હતું. 'ટાર્ઝન ધ વન્ડર કાર'ની પ્રતિકૃતિ રૂપી કાર પણ દિવાલ પર લગાવાઈ હતી. બલૂન પર પણ વાયુ લખેલું જોવા મળે છે. ઈશિતાએ આ વિડીયો શેર કરતાં લખ્યું, અમારા નાનકડા દીકરાની નામકરણ સેરેમની. વાયુ શેઠ. તમારા પ્રેમ અને આશીર્વાદ માટે આભાર. આ વિડીયો પર ઈશિતા અને વત્સલના ફેન્સ અને મિત્રોએ કોમેન્ટ કરીને વાયુ પર પ્રેમ વરસાવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સોનમ કપૂર અને આનંદ આહુજાએ પણ દીકરાનું નામ વાયુ જ પાડ્યું છે.

**સારા અલી ખાન આખી ઘટના જણાવે છે કે વૈનિટી વેનમાં મફતમાં ૨-૩ રૂમાલ ટાંગીને દરરોજ રાખે છે**

## અભિનેત્રી સારા અલી ખાને પોતાનો જન્મદિવસ ઉજવ્યો

। મુંબઈ, તા.૧૩ ।

સારા અલી ખાન બોલીવુડમાં એક મોટુ નામ બની ચુક્યું છે અને એકથી એક ચડીયાતી ફિલ્મોમાં કામ કરી રહી છે. એક મૂવી માટે આજે તે મેકર્સ પાસેથી કરોડો રૂપિયા ફી ચાર્જ કરી રહી છે, પણ એક સમયે માત્ર થોડા પૈસા માટે થઈને અમૃતા સિંહ સાથે લડી પડી હતી અને બાદમાં તેણે પોતાની માતાને કેટલીય વાતો સંભળાવી દીધી હતી. સારા અલી ખાન ખુદે એક શોમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. તેની પાછળ કારણ પણ હતું, જેના વિશે જાણીને સૌ કોઈ ચોંકી ગયા હતા. વિક્કી કૌશલે સારા અલી ખાન સાથે જોડાયેલ કિસ્સા દ કપિલ શર્મા શોમાં જણાવ્યા હતા. જે બાદ સારા અલી ખાને ખુદ પોતાની મમ્મી પર ગુસ્સો કરવા પ ાછળના કારણોનો ખુલાસો કર્યો હતો. હકીકતમાં સારા અને વિક્કી પ ોતાની મૂવી જરા હટકે જરા બચકેના પ્રમોશન માટે શોમાં પહોંચ્યા હતા. શોમાં જ્યારે વિક્કીએ આ વાત જણાવી તો, બધા ચોંકી ગયા હતા. કપિલના શોમાં વિક્કી કૌશલે જણાવ્યું કે, એક દિવસ મેં જોયું કે તે અમૃતા મેમ પર ગુસ્સે થઈ રહી છે, મેં પુછ્યું કે યાર શું થઈ ગયું, તે આ કહે છે કે, મમ્મીને મગજ નથી, ૧૬૦૦ રૂપિયાનો રૂમાલ ખરીદીને લાવી છે. ત્યાર બાદ સારા અલી ખાન આખી ઘટના જણાવે છે કે વૈનિટી વેનમાં મફતમાં ૨-૩ રૂમાલ ટાંગીને દરરોજ રાખે છે. તેમાંથી એક વાપરી લો. ૧૬૦૦ રૂપિયાનો રુમાલ કોણ ખરીદે છે? આમ તો સારા પાસે પૈસાની કોઈ કમી નથી, પણ તે નકામા ખર્ચા કરતી નથી.



**ડર સાથે કેવી રીતે ડીલ કરે છે તેના વિશે પણ સુનીલ શેટ્ટીએ વાત કરી, તેમણે આગળ કહ્યું 'સમયની સાથે, મેં ડરને નાના સંકેતની જેમ લેવાનું શરૂ કર્યું**

## જમાઈ કેએલ રાહુલને પહેલીવાર મળ્યા ત્યારે નર્વસ થયા હતા સુનીલ શેટ્ટી



। મુંબઈ, તા.૧૩ ।

ભારતીય યુવા ક્રિકેટર કેએલ રાહુલ પતી આથિયા શેટ્ટી કરતાં એકદમ અલગ બેકગ્રાઉન્ડ ધરાવે છે. તેમ છતાં તે તેના પરિવારના દરેક સભ્યો સાથે સારી રીતે ભળી ગયો છે. અગાઉ સસરા સુનીલ શેટ્ટીએ ખુલાસો પણ કર્યો હતો કે, તેની પર્સનાલિટી ચાર્મિંગ છે અને તે તેની પરિવારની દરેક મહિલા સભ્યનો પ્રિય છે. હવે એક્ટરે પોતાના LinkedIn અકાઉન્ટ પરની લેટેસ્ટ પોસ્ટ જમાઈ સાથે પહેલીવાર મુલાકાત થઈ ત્યારે પોતે ખૂબ નર્વસ થઈ ગયા હતા તેનો ખુલાસો કર્યો છે. તેમણે એક લાંબી નોટ શેર કરી છે, જેમાં ડર સાથેના સંબંધ તેમજ દીકરીના પતિને પહેલીવાર મળ્યા ત્યારે શું અનુભવ્યા હતા તેના વિશે વાત કરી છે. LinkedIn અકાઉન્ટ પર સુનીલ શેટ્ટીએ લખ્યું છે 'ફિલ્મના સેટ પર મારા પહેલા દિવસે જ હું ડરી ગયો હતો અને આ વાત છતી કરી નહોતી. ૩૦ વર્ષ બાદ પણ લેજેન્ટ રજનીકાંત સર સાથે ફિલ્મના શૂટિંગના પહેલા દિવસે હું નર્વસ હતો. ઘરે, જ્યારે આથિયા કેએલ રાહુલને પરિવાર અમને મળવા લઈને આવી ત્યારે પણ અપવાદ વગર હું નર્વસ થયો હતો. આપણે બધા એકસમયે પ્રોફેશનલ અને પર્સનલ જર્નીમાં ડરનો સામનો કરીએ છીએ. પરંતુ અહીં વાત એ છે- શું થશે જો આપણે ડર સાથે એવું વ્યવહાર કરીએ જેમ કે આ કોઈ મોટી વસ્તુ માટે અમારી ટિકિટ હોઈ શકે છે?. ડર સાથે કેવી રીતે ડીલ કરે છે તેના વિશે પણ સુનીલ શેટ્ટીએ વાત કરી. તેમણે આગળ કહ્યું 'સમયની સાથે, મેં ડરને નાના સંકેતની જેમ લેવાનું શરૂ કર્યું. જાણે હું કોઈ વસ્તુની ધાર પર ઉભો છું. મારું મગજ મને કહે છે કે 'અરે ધ્યાન આપો, અહીં કંઈક અગત્યનું થઈ રહ્યું છે'. તેના વિશે વિચારો- જ્યારે પણ આપણે કંઈક નવી વાતનો સામનો કર્યો હોય, તે પછી પહેલીવાર ફિલ્મના સેટ પર જવાનું હોય અથવા નવા વેન્ચરમાં પગ મૂકવાનો હોય ત્યારે સ્વાભાવિક રીતે આપણે ડર અથવા ગભરાટ અનુભવીએ છીએ. તમે ચમકવાના છો એવા સ્ટેજ પર પડદો ઉઘડે તે પહેલાની આ ક્ષણ છે. તમે છલાંગ લગાવો તે પહેલા એ વિભાજિત સેકન્ડ છે, જે તમારી મુસાફરીને ફરીથી વ્યાખ્યાયિત કરી શકે છે.

### ભરૂચ સક્રિય પત્રકાર સંઘ દ્વારા

# આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત "એક શામ શહીદો કે નામ" મ્યુઝીકલ નાઈટનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

## વડોદરાના ડાયમંડ મ્યુઝીકલ ગ્રુપના કલાકારો દ્વારા દેશભક્તિ ગીત ગાઈને શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી

। કેતન મહેતા ભરૂચ, તા.૧૩ ।

ભરૂચ સક્રિય પત્રકાર સંઘ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત "એક શામ શહીદો કે નામ" મ્યુઝીકલ નાઈટનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો જેમાં વડોદરાના પ્રખ્યાત ડાયમંડ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા દેશ ભક્તિના ગીતો ગાઈને શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



ભરૂચ સક્રિય પત્રકાર સંઘ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત સ્વતંત્રતા પર્વ નિમિત્તે વીર જવાનોને શ્રાદ્ધ સુમન અર્પવા સાથે મહામુલી આઝાદીમાં યોગદાન આપનાર શહીદોના માનમાં સંગીત સંધ્યાનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જેમાં વડોદરાના ડાયમંડ ગ્રુપના પ્રખ્યાત કલાકારો જેવા કે કુતુબ મોરસવાલા (વોઈસ ઓફ મહંમદ રફી), વિશાખા જોશી, હર્ષિલભાઈ અને આરતી યામુ દ્વારા દેશ ભક્તિના મજેદાર ગીતો ગાઈને લોકોને દેશ ભક્તિમાં તરબોળ કરી દીધા હતા.જેથી સમગ્ર વતાવરણ દેશ ભક્તિના રંગે રંગાઈ ગયું હતું. આ કાર્યક્રમની શરૂઆત નારાયણ વિદ્યાલય, ભરૂચના બાળકો દ્વારા ગણેશ વંદના કરીને કરવામાં આવી હતી ત્યારબાદ આ કાર્યક્રમમાં પધારેલા મહાનુભાવો જેવા કે ભરૂચ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી મારૂતિસિંહ અતોદરિયા, ભરૂચ નગરપાલિકાના પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા વગેરે દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભરૂચ સક્રિય પત્રકાર સંઘના પ્રોગ્રામ કનવીનર શ્રી કેતનભાઈ રાણા (ભોલો), સહ કનવીનર શ્રી કમલેશભાઈ પંચાલ, પ્રમુખ શ્રી જયશીલભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં લોકોએ હાજર રહીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વેજલપુર વોર્ડ ખાતે તિરંગા વિતરણ કરવામા આવ્યુ





જીવરાજ પાર્ક ચાર રસ્તા ખાતે તિરંગા વિતરણ કરવામાં આવ્યું. જેમા મ્યુનિસિપલ કાઉન્સિલર દિલીપ બગડીયા કલ્પનાબેન ચાવડા તેમજ વોર્ડ પ્રમુખ દેવાંગ મહેતા કાર્યકતાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા મધ્યઝોન જિલ્લા પંચાયતના સદસ્યોનો પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ

। રાજેશ શર્મા નડિયાદ તા.૧૩ ।

ખેડા જિલ્લાના વડતાલમાં ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા મદયઝોન જિલ્લા પંચાયતના સભ્યોનો પ્રશિક્ષણ વર્ગ શરૂ થયો છે.દ્વિદિવસિય પ્રશિક્ષણનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો હતો.આ પ્રશિક્ષણ વર્ગની વિગતો આપતા આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, મધ્ય ઝોનના જિલ્લાના ૧૩૭ જેટલા સભ્યો આ વર્ગમાં ભાગ લઈ રહ્યા છે.



આ એક માત્ર રાજકીય પક્ષ છે કે જેમાં કાર્યકર્તાનું વૈચારિક ઘડતર થાય તેવા કાર્યક્રમો ભાજપ દ્વારા યોજાઈ રહ્યા છે.દ્વિ દિવસીય આ શિબિરનો ઉદ્દેશ જન પ્રતિનિધિ અને કાર્યકર ઘડતરનું છે.જેમાં મહાનુભાવો દ્વારા માર્ગદર્શન મળી રહેશે.આ પ્રશિક્ષણ વર્ગમાં ગુજરાત વિધાન સભાના નાયબ દંડક રમણભાઈ સોલંકી,આણંદ જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પરમાર, પંચમહાલ જીલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી,દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શિતલ બેન વાઘેલા, મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર ઉપસ્થિત રહ્યા હતા. મધ્ય ગુજરાત પરીક્ષણ વર્ગના ઈન્ચાર્જ સુધીરભાઈ લાલપુરા અને જગતભાઈ પટેલ આ ઉપરાંત આણંદ જિલ્લાના સાંસદ મિતેશ ભાઈ પટેલ,ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ અજયભાઈ બ્રહ્મભટ્ટ વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે દ્વિદિવસિય આ શિબિર દરમિયાન બીજા દિવસે તા.૧૩ મી ઓગસ્ટ સવારે ૧૧.૩૦ થી ૧૨.૩૦ ગુજરાતના મુખ્ય પ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહી વર્ગખંડમા સભ્યોને માર્ગદર્શન આપશે.

# વિશ્વવિખ્યાત કેમ્બ્રિજના પ્રાંગણમાં ગુંજી માનસની ચોપાઈઓ

દુનિયાની મહાન યુનિવર્સિટીઓમાં કેમ્બ્રિજ યુનિવર્સિટી(યુકે)ની દિવાલો અને સમગ્ર પ્રાંગણ એક ઐતિહાસિક ઘટનાથી ગૂંજ્યું જ્યારે શનિવારે નાનકડા બાળક રુદ્રએ સૌનું સ્વાગત કર્યુ અને અહીં અભ્યાસ કરતા વિવિધ સંગીત વિદ્યાર્થિઓ દ્વારા વેસ્ટર્ન ક્લાસિકલ મ્યુઝિક આધારિત શ્રી રામ ગુણગાન,ગુરુસ્તુતિ અને પ્રથમ શ્લોકનું સિમ્ફની આધારિત ગાન થયું.લોર્ડ ડોલર પોપટ દ્વારા બ્રિટિશ ગવર્મેન્ટના મેમ્બર તરીકે સ્વાગત ઉપરાંત બંકિમહામ પેલેસથી રાજા કિંગ ચાર્લ્સ ત્રીજા દ્વારા બાપુને પ્રેમ ભર્યો આવકાર તેમજ આર્ચ બીશપ (કેન્ટબેરા)દ્વારા ડીયર મોરારીબાપુને વેલકમ અને વાઈસ ચાન્સલર દ્વારા શુભેચ્છા સંદેશ સેનેટા એલેએ પ્રસ્તુત કર્યો.



માનસની બીજ પંક્તિઓ:, બિશ્વનાથ મમ નાથ પુરારિ;, ત્રિભુવન મહિમા બિદિત તુમ્હારી., ભગત બછલ પ્રભુ કૃપાનિધાના;, બિશ્વબાસ પ્રગટે ભગવાના.

આ બીજ પંક્તિ સાથે બાપુએ ત્રિભુવનગુરુ મહાદેવની અસીમ કૃપાથી વિશ્વના પ્રસિદ્ધ વિશ્વ વિદ્યાલયોમાં યશસ્વી કેમ્બ્રિજના પ્રાંગણમાં રામકથાને કેન્દ્રમાં રાખીને ભેગા થયા તેને ત્રિભુવનગુરુ મહાદેવની કૃપા જણાવી.કહ્યું કે માનસ સ્વયં વિશ્વ વિદ્યાલય છે. વિશ્વ વિદ્યાલયોમાં કેટલીય ફેકલ્ટીઓ,વિભાગો હોય છે. માનસ એક જંગમ યુનિવર્સિટી છે.જેના સાત વિભાગ છે.બાલકાંડથી ઉત્તરકાંડ સુધી.દરેકમાં વિશિષ્ટ કુલપતિ બેઠેલા છે. જેની તુલના કોઈ સાથે નથી કરી શકાતી. બધા જ પોત-પોતાનામાં અનુઠા, અનોખા, વિરલાઓ અને અદ્વિતીય છે. રૂમીએ એક વાક્ય કહ્યું છે કે: પાંચ મિનિટ કોઈ બુદ્ધપુરુષ પાસે પરમશ્રદ્ધા લઈને બેસીએ તો કોઈ વિશ્વ વિદ્યાલય ન આપી શકે એટલું બુદ્ધપુરુષ આપે છે.રુમી તો પાંચ મિનિટ નિશ્ચિત કરે છે.

# ધરમપુરની માલનપાડા મોડેલ સ્કૂલમાં લાઈફ સ્કિલ બાળમેળો યોજાયો





। સુરત, તા.૧૩ ।

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના માલનપાડા ગામની મોડેલ સ્કૂલમાં લાઈફ સ્કિલ બાળમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો. ૬ થી ૮ ના બધા જ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ લાઈફ સ્કિલ બાળ મેળામાં વિદ્યાર્થીઓએ પોતાનામાં રહેલા જીવન કૌશલ્ય મુજબ વિવિધ પ્રવૃત્તિઓનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રવૃત્તિઓમાં ચિત્રકલા, કેશ-ગુફન, મહેંદી, સાદડી, સાવરણી, ટોપલી, પેપર ક્રાફટની વસ્તુઓ બનાવવી, લાકડામાં ખીલી ઠોકવી, ફ્યુઝ બાંધવો, હોલ્ડરમાં બલ્બ લગાવવો, સિલિન્ડરમાં રેગ્યુલેટર ફીટ કરવું, ટાયર પંચર શોધવું અને બનાવવું વગેરેનો સમાવેશ થયો હતો.

આ ઉપરાંત વિદ્યાર્થીઓએ પોતે બનાવેલા વિવિધ પ્રકારના નાસ્તાના સ્ટોલ લગાવ્યા હતા, જેમાં સેવપુરી,પાણીપુરી, વડાપાઉં, ભેલ, ટી-સ્ટોલ, મન્ચુંરિયન, સેન્ડવીચ, બટાકા પૌવા, લીંબુ પાણી વગેરેનો સમાવેશ થયો હતો. આ પ્રવૃત્તિઓમાં શાળાના ધો. ૯ અને ધો. ૧૧ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ સમગ્ર કાર્યક્રમ શાળાના અન્ય વિદ્યાર્થીઓએ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક માણ્યો હતો. શાળાના આચાર્ય ડૉ.વર્ષાબેન પટેલ તેમજ શાળાના સમગ્ર સ્ટાફમિત્રોએ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

### નરેન્દ્ર મોદી વિકાસ મિશન નર્મદા દ્વારા

# ગ્રામીણ વિકાસ કૃષિ સંમેલન અને નિમણુંક પત્ર વિતરણ કાર્યક્રમ યોજાયો

## નર્મદામાં નરેન્દ્ર મોદી વિકાસ મિશન, નર્મદા દ્વારા ચલો ગાંવકી ઓર વિકાસની પહેલ



। દીપક જગતાપ રાજપીપળા, તા.૧૩ ।

નરેન્દ્રમોદી વિકાસ મિશન નર્મદા દ્વારા કૃષિવિકાસ કેન્દ્ર ડેડીયાપાડા ખાતે ગ્રામીણ વિકાસ કૃષિ સંમેલન અને નરેન્દ્રમોદી વિકાસ મિશન નર્મદાની પ્રથમ કારોબારી બેઠક યોજાઈ હતી. જેમાંનરેન્દ્રમોદી વિકાસ મિશન ગુજરાતનાં પ્રદેશ પ્રમુખ રામસીભાઈ કરંગીયા, પ્રદેશ ઉપપ્રમુખ દુલાભાઈ રામ,પ્રદેશ મહામન્ત્રી લક્ષ્મણ મારૂ, તથા સુરત શહેર પ્રમુખ પિન્ટુ બોરિયા, તથા સુરત શહેર મહામંત્રી નીતિન પટેલ,તથા પૂર્વ વનમંત્રી અનેરાષ્ટ્રીય આદિજાતિ મોર્ચા કાર્યકારીણીનાં કારોબારી સદસ્ય મોતીભાઈ વસાવા તથાગુજરાત પ્રદેશ આદિજાતિ મોર્ચા, ગુજરાતનાં ઉપપ્રમુખ શંકરભાઈ વસાવાની ખાસ ઉપસ્થિતિમાં નરેન્દ્રમોદી વિકાસ મિશન નર્મદાનાં કારોબારી સદસ્યોને નિમણુંકપત્ર વિતરણનો કાર્યક્રમ યોજાયોહતો.જેને મહાનુભવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો.

આ પ્રસંગે નરેન્દ્રમોદી વિકાસ મિશનનાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રામસીભાઈ કરંગીયાએ ગુજરાતમાં નરેન્દ્રમોદી વિકાસ મિશનનાં કાર્યક્ષેત્ર વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે ગામડાઓમાં ખાસ કરીને શિક્ષણ અને આરોગ્યની સુવિધા મળે તે તરફ કામ કરવા અનુરોધ કર્યો હતો. અને જણાવ્યું હતું કે ગ્રામ્યવિસ્તારોમાં સરકારની યોજનાનો લાભ મળવામાં જ્યાં અડચણ આવે છે,કે અધિકારીઓ તરફથી કે કોઈ ટેક્નિકલ મુદ્દાને કારણે લાભ ન મળતાં હોય તો એ મુશ્કેલી દૂર કરવાનું કામ પણ આ મિશન કરશે. તેમણે ખાસ કરીને ગામડાઓમાં શિક્ષણનું સ્તર સુધરે અને તેની સાથે આરોગ્યની સુવિધાઓ ગામડાના લોકોને મળે એના ઉપર ખાસ ભાર મૂક્યો હતો.

ખાસ કરીને તેમણે નર્મદા જિલ્લામાં સિકલ સેલ એનીમિયાની ખામીઓ વધુ હોઈ તેને દૂર કરવા અને આરોગ્યની સુવિધા વધારવા ઉપર પણ ભાર મૂક્યો હતો.

એ ઉપરાંત નર્મદામાં હિમોગ્લોબિન ના ટેસ્ટ કરવા માટેના ૪૦૦ જેટલા મશીનો નર્મદામાં સરકારે આપ્યા છે પણ તે હજુ સુધી કાર્યરત કેમ થયા નથી તેની તપાસ કરવા અનુરોધ કર્યો હતો. તે ઉપરાંત સિકલસેલનો ટેસ્ટ કરવા માટેના મશીનોમાટે પણ ટેન્ડરિંગ થયું છે પણ એ કામગીરીમાં પણ વેગ આવેતો દર્દીઓને લાભ મળી શકે તેમ જણાવી એ કામગીરીને વેગવાન બનાવવા અનુરોધ કર્યો હતો. એ ઉપરાંત નર્મદાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૨ જેટલી ઈ- બાઈક માટે ૨૨ લાખ રૂપિયા સીએસઆરમાંથી ફંડ આપી છે.નર્મદાના ડુંગરા વિસ્તારમાં નર્સ બહેનોને ગામડાઓ જવું હોય તો એ ઈ- બાઈક લઈને જઈ શકે. પણ હજીસુધી તેના ટેન્ડરીગ કે ખરીદી થઈ શકી ન હોવાથી આ બાઈકનો લાભ નર્મદાને કેમ મળતો નથી તે અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી. નર્મદામાં એ ઈ- બાઈક હજુ દોડતી થઈ નથી. આ પ્રશ્નો માટે નર્મદા જિલ્લાના અધિકારીઓ સાથે પરામર્શ પણ શરૂ કર્યો હોવાનું જણાવ્યું હતું. આ પ્રશ્નો હલ કરવા પ્રદેશ અધ્યક્ષ રામસીભાઈ કરંગીયા અને જિલ્લા અધ્યક્ષ દીપકજગતાપે જિલ્લા વિકાસ અધિકારી,નિવાસી કલેક્ટર અને આયોજન અધિકારીને રૂબરૂ મુલાકાત લઈ આ અંગે ચર્ચા વિમર્શ પણ કર્યા હતાં.આ પ્રશ્નો અંગે પ્રદેશ અધ્યક્ષે ચિંતા વ્યક્ત કરીઅધિકારીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી હતી.

આ પ્રસંગે કૃષિ વૈજ્ઞાનિક ડૉ. પ્રમોદકુમાર વર્માએ ચલો ગાંવ કી ઓર,કેન્દ્રીય અને રાજ્ય સરકારની કૃષિ યોજનાંનાં લાભો, નવી કૃષિ ટેક્નોલોજી અને કૃષિ ગ્રામીણ વિકાસ તથા મિલેટ વર્ષ-૨૦૨૩ની ફલશ્રુતિ વિષય ઉપરમનનીય પ્રવચન કરી ગ્રામ્ય વિસ્તારનો વિકાસ કૃષિ ટેક્નોલોજી દ્વારા કેવી રીતે કરી શકાય તેની માહિતી આપી હતી.

# ઉમરવા (જોષી) ગામે ધારાસભ્યનાં હસ્તે ૨૦ હજારથી જેટલી વિવિધ કલમોનું વિતરણ કરાયું

। રાજપીપળા, તા.૧૩ ।

નર્મદાનાં ઉમરવા (જોષી) ગામે ધારાસભ્યનાં હસ્તે ૨૦હજાર જેટલી વિવિધ કલમોનું વિતરણ કરાયું હતું. જેમાં જિલ્લા જળ સ્રાવ વિકાસ એકમ નર્મદા દ્વારા કંથરપુરા ક્લસ્ટર ગ્રુપનાં ૧૭ગામોના ૨૪૫ લાભાર્થીઓ ને ૧૧હજાર જેટલી કલમો તથા ઉંમરવા ક્લસ્ટર ગ્રુપનાં ૧૩ગામોના ૨૦૨ લાભાર્થીઓ ને ૯૫૮૬ જેટલી કલમો મળી કૂલ ૨૦૬૫૫જેટલી કલમોનું વિતરણ કર્યું હતું.

પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના,(વોટરશેડ કોમ્પોનેન્ટ ૨,૦), પ્રોડકશન સીસ્ટમ અને માઈક્રો એન્ટરપ્રાઈઝ હેઠળની કલમ વિતરણ વાવેતર કાર્યક્રમહેઠળ ગરૂડેશ્વર તાલુકાના ઉમરવા (જોષી), ગામે નાંદોદનાં ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં આંબાની કલમોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા જળ સ્રાવ વિકાસ એકમ નર્મદાનાં પ્રોજેક્ટ ડાયરેક્ટ એચ એસ પટેલે જણાવ્યું હતું કે લાભર્થીઓઆ ફળાઉ કલમોનુંપોતાના ઘર આંગણા વાડામાં વાવેતર કરી ફળોનું ઉત્પાદન કરી સારી એવી આવક મેળવી આત્મનિર્ભર બની શકશે. જયારે ધારાસભ્ય દર્શનાં બેન દેશમુખે લાભાર્થીઓને આ કલમોનું વાવેતર કરી સારુ ઉત્પાદન મેળવી પગભર થવા આત્મનિર્ભર બનવા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં આહવાન ને ઝીલી લેવા અનુરોધ કર્યો હતો.





# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. ઘરના બાકી રહેલા કાર્યો તમારો સમય લેશે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે. આ રાશિ ના લોકોએ આજે મફત સમયમાં આધ્યાત્મિક પુસ્તકો નો અભ્યાસ કરવો જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. આજે કોઈક તમારા વખાણ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જયી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે પણ બાળકો સાથે થોડા વધુ ઉદાર થવું તમને મુશ્કેલી તરફ લઈ જશે. આજે તમારો પ્રેમી તમારી ભાવનાઓ ને તમારી સામે ખુલ્લો રાખી શકશે નહીં.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે. આજે અનેક બાબતો ઊભી થશે-જેના પર તમારે તાત્કાલિક ધ્યાન આપવું પડશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો. સપનામાંના ભયને છોડો અને તમારા રૉમેન્ટિક સાથીદારની સંગત માણશો. જે લોકો છેલ્લા કેટલાક દિવસો થી ખૂબ જ વ્યસ્ત હતા.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મુશ્કેલી પડતી હોય તેવું લાગશે-કેમ કે તમારી તબિયત આજે બરાબર નથી. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવાની શક્યતા છે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો-એવા ઘણા લોકો હશે જે તમારો ઉત્સાહ વધારશે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારામાંની ઉચ્ચ ઊર્જાને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. સામાજિક પ્રવૃત્તિઓ આનંદનું માધ્યમ છે પણ તમારે તમારાર રહસ્યો અન્યો સાથએ શૅર કરવાનું ટાળવું જોઈએ. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. આજે તમે નવા વિચારોથી તરબતર હશો તથા પ્રવૃત્તિની તમારી પસંદગી તમારી અપેક્ષા કરતાં અનેક ગણો વધારે લાભ અપાવશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.





જયપુરના વિજય દ્વાર ખાતે ૭૭મી સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા તિરંગા રેલ કાઢવામાં આવી હતી તે રેલીમાં બીએસએફના જવાનો અને બાઈકરો સાથે ભાજપના સાંસદ રાજ્યાવર્ધન સિંહ રાઠોડ પણ જોડાયા હતાં. તેમજ બીજી તસ્વીરમાં શ્રીનગરમાં દાળ તળાવની કાંઠે તિરંગા રેલીમાં જમ્મુ કાશ્મીર ગવર્નર મનોજ સિંહા પણ જોડાયા હતાં.

## મધ્ય પ્રદેશમાં ૫૦ ટકા કમિશનનો પ્રિયંકાના આક્ષેપ

। ભોપાલ, તા.૧૩ ।

મધ્યપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીના એક ટ્વિટથી ભાજપ અને કોંગ્રેસ નેતા સામ-સામે આવી ગયા છે. પ્રિયંકા ગાંધીએ ટ્વિટમાં કહ્યું હતું કે મધ્યપ્રદેશમાં ૫૦% કમીશન આપ તા જ કોન્ટ્રાક્ટરોને પેમેન્ટ મળે છે. કર્ણાટકમાં ભ્રષ્ટ ભાજપ સરકારે ૪૦% કમીશન વસૂલતી હતી. મધ્યપ્રદેશમાં ભાજપ ભ્રષ્ટાચારનો પોતાનો જ રેકોર્ડ તોડી આગળ નીકળી ગયો છે. પ્રિયંકાના આ ટ્વિટ પર ભાજપે વળતો જવાબ આપ્યો છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ મામલે સફાઈ આપી અને તેને હળાહળ જુઠ્ઠાણું ગણાવ્યું છે. તેમણે કહ્યું કે વાયરલ પત્ર મારા સુધી આવતા જ મેં ઈન્ટેલિજન્સને તપાસ કરવા કહ્યું હતું. તપાસમાં ન તો ગ્વાલિયરના લશ્કર વિસ્તારમાં વસંત વિહારમાં એડ્રેસ મળી રહ્યું છે ન તો તેનાથી સંબંધિત કોઈ વ્યક્તિ મળી રહી છે. ના તો આ પત્રનો કોઈ અસ્તિત્વ છે. માત્ર ભ્રમ ફેલાવાઈ રહ્યો છે. આ મામલે અમે જરૂરી કાર્યવાહી કરીશું. પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસ નેતા કમલનાથે કહ્યું કે આવા ભ્રષ્ટાચારના હજારો કેસ છે. કોના કોના પર ભાજપ કેસ નોંધાવશે. આજે સમગ્ર રાજ્યમાં ભ્રષ્ટાચારનો ખુલાસો થઈ રહ્યો છે ત્યારે તેમની પાસે કોઈ ઉપાય નથી. પત્ર ફેક છે કે સાચો? અહીં કોઈને પણ પૂછી શકો છો. ૧૦૦ પત્રો લોકો તમને બતાવી દેશે. રાજ્યના ગૃહમંત્રીએ કહ્યું કે કોંગ્રેસ કોઈપણ પ્રકારના મુદ્દા વગર નફરતની માનસિકતા સાથે રાજકારણ કરી રહી છે. રાજ્ય કોંગ્રેસના નેતાઓએ પહેલા રાહુલ ગાંધીથી જુઠ બોલાવ્યું અને હવે પ્રિયંકા ગાંધીથી જુઠ્ઠાં ટ્વિટ કરાવી રહ્યા છે.

### પાકિસ્તાનમાં એસેમ્બલીના વિસર્જન સાથે ઊથલપાથલ

# પાકિસ્તાનના વચગાળાના વડાપ્રધાન તરીકે અનવર-ઉલ-હક કાકર ચૂંટાયા

### વિપક્ષના આઉટગોઇંગ નેતા રાજા રિયાઝે રાષ્ટ્રપતિ અલ્વીને કાર્યપાલક વડાપ્રધાનની નિમણૂકની સલાહ આપી

। ઈસ્લામાબાદ, તા.૧૩ ।

પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલીના વિસર્જન સાથે જ રાજકીય ઉથલપાથલ મચી ગઈ છે. નેશનલ એસેમ્બલીમાં વિપક્ષના નેતા રાજા રિયાઝે કહ્યું કે, અનવર-ઉલ-હક કાકર પાકિસ્તાનના વચગાળાના વડા પ્રધાન તરીકે ચૂંટાયા છે. પીએમઓ દ્વારા જારી કરવામાં આવેલી પ્રેસ રિલીઝ અનુસાર, પીએમ શાહબાઝ અને નેશનલ એસેમ્બલીમાં વિપક્ષના આઉટગોઈંગ નેતા રાજા રિયાઝે રાષ્ટ્રપતિ અલ્વીને કાર્યપાલક વડાપ્રધાન તરીકે અનવર ઉલ હકની નિમણૂક અંગે સલાહ કરી છે.



રિયાઝે કહ્યું, અમે પહેલા નક્કી કર્યું હતું કે કેરટેકર પીએમ નાના પ્રાંતમાંથી કોઈ હોવું જોઈએ. અમે સર્વસંમતિ પર પહોંચી ગયા છીએ કે અનવર-ઉલ-હક કાકર કેરટેકર પીએમ હશે." "મેં આ નામ આપ્યું હતું અને વડાપ્રધાને આ નામ માટે સંમતિ આપી છે. મેં અને વડાપ્રધાને સારાંશ પર હસ્તાક્ષર કર્યા છે. કાકર આવતીકાલે વચગાળાના પીએમ તરીકેના શપથ લેશે. રિયાઝે કહ્યું કે, આજે પીએમ શાહબાઝ સાથેની તેમની બેઠકમાં કેરટેકર કેબિનેટની ચર્ચા થઈ નથી.

દરમિયાનમાં, પાકિસ્તાનમાં નેશનલ એસેમ્બલીના વિસર્જન સાથે સામાન્ય ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. આ દરમિયાન દેશના રાજકારણમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. રાષ્ટ્રપતિ આરિફ અલ્વી અને વડાપ્રધાન શહેબાઝ શરીફ વચ્ચેનો મતભેદ ગઈકાલે ફરી એકવાર સામે આવ્યો છે. રાષ્ટ્રપતિ અલ્વીએ શાહબાઝ શરીફને એક પત્ર લખીને આજ સુધીમાં રખેવાળ વડા પ્રધાનની નિમણૂક કરવા જણાવ્યું છે. રાષ્ટ્રપતિના આ પત્રથી વડાપ્રધાન શાહબાઝ અકળાયા છે. રાષ્ટ્રપતિને આટલી ઉતાવળ કેમ છે, તેવો સવાલ તેમણે કર્યો હતો.

તેમણે કહ્યું કે, બંધારણીય રીતે રખેવાળ વડા પ્રધાનની નિમણૂક માટે બંધારણમાં ૮ દિવસનો સમય નક્કી કરવામાં આવ્યો છે અને આશા છે કે, આવતીકાલ સુધીમાં કોઈ નામ પર સહમતિ થઈ જશે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપતિએ રાહ જોવી જોઈતી હતી, રાષ્ટ્રપતિએ બંધારણનું પુસ્તક વાંચ્યું લાગતું નથી. બંધારણમાં આઠ દિવસની સમય મર્યાદા છે, મને ખબર નથી કે રાષ્ટ્રપતિને પત્ર લખવાની આટલી ઉતાવળ કેમ છે.

આ નિવેદનના થોડા કલાકો પહેલા રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ વડાપ્રધાન શહેબાઝ શરીફ અને વિસર્જન કરાયેલ નેશનલ એસેમ્બલીમાં વિપક્ષના નેતા રાજા રિયાઝ અહેમદને પત્ર લખીને આજ સુધીમાં કાર્યકારી વડાપ્રધાનનું નામ આપવાનું કહ્યું હતું. રાષ્ટ્રપતિએ પત્રમાં લખ્યું છે કે, બંધારણના અનુચ્છેદ ૨૨૪ (૧) એ હેઠળ, રાષ્ટ્રપતિ વડા પ્રધાન અને વિપક્ષના નેતા સાથે પરામર્શ કરીને સંભાળ રાખનાર વડા પ્રધાનની નિમણૂક કરે છે.

અલ્વીએ પત્રમાં લખ્યું છે કે, બંધારણ હેઠળ વડાપ્રધાન અને વિપક્ષના નેતાએ રાષ્ટ્રીય વિધાનસભા ભંગ થયાના ૩ દિવસની અંદર કાર્યકારી વડાપ્રધાનના નામનો પ્રસ્તાવ મૂકવો પડશે. પાકિસ્તાનના રાષ્ટ્રપતિએ લખ્યું કે, મેં વડાપ્રધાનના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે, ૯ ઓગસ્ટે નેશનલ એસેમ્બલી ભંગ કરી દીધી છે. વડાપ્રધાન અને વિપક્ષના નેતાએ ૧૨ ઓગસ્ટ સુધીમાં યોગ્ય સંભાળ રાખનાર વડાપ્રધાનનું નામ સૂચવવું જોઈએ.

### ભારતીય સ્ટાર ક્રિકેટરને લઈને રિપોર્ટ પર ખુલાસો

# ઈન્સ્ટા પર એક પોસ્ટ માટે ૧૧.૪૫ કરોડના ચાર્જની વાત વિરાટે ફગાવી

### વિરાટ કોહલીએ ટ્વીટ કર્યું કે મારી સોશ્યલ મીડિયાની કમાણી વિશે ચાલી રહેલા સમાચાર સાચા નથી

। નવી દિલ્હી, તા.૧૩ ।



ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીને લઈને એક રિપોર્ટ સામે આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે વિરાટ કોહલી ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ કરવા માટે ૧૧.૪૫ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. જો કે આ સમાચાર વાયરલ થયાના એક દિવસ બાદ વિરાટે પોતાનું મૌન તોડ્યું હતું. કોહલીએ ટ્વીટ કરીને આ અહેવાલને ખોટો ગણાવ્યો છે.

વિરાટ કોહલીએ ટ્વીટ કર્યું, 'જો કે જીવનમાં મને જે પણ મળ્યું છે તેનો હું આભારી અને ઋણી છું, પરંતુ મારી સોશ્યલ મીડિયાની કમાણી વિશે ચાલી રહેલા સમાચાર સાચા નથી.' એક અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે વિરાટ કોહલી ઈન્સ્ટાગ્રામ પર સૌથી વધુ કમાણી કરનાર ક્રિકેટર છે. મળેલા અહેવાલ અનુસાર રોનાલ્ડો અને મેસી ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટથી સૌથી વધુ કમાણી કરવાના મામલે નંબર-૧ અને નંબર-૨ પર છે. જ્યારે ત્રીજા નંબર પર સેલેના ગોમેઝ છે.

### નૂહમાં સાંપ્રદાયિક અથડામણના ૧૧ દિવસ

# નૂહની સરકારી શાળાઓમાં બહુ ઓછા વિદ્યાર્થીઓ હાજર રહે છે

### સ્થગિત ઇન્ટરનેટ કનેક્ટિવિટી ૧૫ ઓગસ્ટથી શરૂ થશે

। નૂહ, તા.૧૩ ।

નૂહમાં ચાલી રહેલા સાંપ્રદાયિક અથડામણના ૧૧ દિવસ પછી શાળાઓ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ ફરી શરુ કરવામાં આવી છે. ખાનગી શાળાઓની સરખામણીએ સરકારી શાળાઓમાં ભણવા માટે બહુ ઓછા વિદ્યાર્થીઓ હાજર રહે છે. મોટાભાગની સરકારી શાળાઓમાં ખાલીખમ વર્ગખંડ જોવા મળ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, હરિયાણા રાજ્ય પરિવહન બસોની સેવાઓ પણ ગઈકાલે સંપૂર્ણપણે પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. બીજી તરફ, હિંસાને જોતા, જિલ્લામાં સ્થગિત ઈન્ટરનેટ કનેક્ટિવિટી ૧૫ ઓગસ્ટથી જ શરૂ થશે. નૂહના ડેપ્યુટી કમિશનર ધીરેન્દ્ર ખડગતાએ ગુરુવારે એક આદેશ જારી કરીને કહ્યું કે, આ વિસ્તારમાં સામાન્ય સ્થિતિને ધ્યાનમાં રાખીને ૧૧ ઓગસ્ટથી તમામ શૈક્ષણિક સંસ્થાઓ ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેવી જ રીતે, હરિયાણા રાજ્ય પરિવહન બસોની સેવાઓ પણ ૧૧ ઓગસ્ટથી સંપૂર્ણ રીતે પુનઃસ્થાપિત કરવામાં આવી રહી છે. હાલની પરિસ્થિતિને જોતા, અમે શુક્રવારથી કર્ફ્યુમાં રાહત આપવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું. નુહ, તાવડુ, પુનહાના, ફિરોઝપુર ઝિરકા અને પેનાંગવાન અને નગીનાના મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં એટીએમ સવારે ૭ થી બપોરે ૩ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

## વિશેષ

### ૭૭મો સ્વાતંત્ર્ય પર્વ ઉજવણીના કાર્યક્રમોનું રીહર્સલ

# સ્વાતંત્ર્ય દિવસ રાષ્ટ્રીય પર્વમાં નાગરિકોને જોડાવા વલસાડ કલેક્ટરની અપીલ

વલસાડ જિલ્લામાં ૭૭મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવી રહી છે. વાપીથી તાપી સુધીની ભૂમિ પરશુરામની ભૂમિ તરીકે જાણીતી છે. આ ભૂમિમાં દેશની આઝાદીની ચળવળમાં મહત્વનું યોગદાન રહયું છે, એવી વલસાડની ભૂમિના આંગણે આ રાષ્ટ્રીય પર્વમાં ભાગીદાર બનવા વલસાડ કલેકટરશ્રી ક્ષિપ્રા આગ્રેએ વલસાડના નાગરિકોને અપીલ કરી છે.

કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, વલસાડ માટે આનંદ અને ગૌરવનો અવસર છે. રાષ્ટ્રીય મહામુલા પર્વમાં ભાગીદાર થવાનો આ પર્વ છે. વાપીના બલીઠા ખાતે મહામહિમ રાજ્યપાલશ્રી અને મુખ્યમંત્રીશ્રીની ગરિમામયી ઉપસ્થિતિમાં વલસાડની ગૌરવગાથાને ઉજાગર કરતો 'ધન્ય ધરા વલસાડી' સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જ્યારે ધમડાચી એ.પી.એમ.સી. માર્કેટ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ સાથે દેશભક્તિની ભાવનાને ઉજાગર કરાશે. કલેકટરશ્રીએ તિરંગાને સલામી આપવા સૌને ઉપસ્થિત રહેવા અને 'મેરી મીટ્ટી મેરા દેશ' તેમજ 'હર ઘર તિરંગા' અભિયાનમાં પણ સહભાગી બનવા અનુરોધ કર્યો છે. દક્ષિણ ઝોનના રેન્જ આઈજી શ્રી વિકાસ સહાય એ પણ રાજ્યકક્ષાના યોજાનારા વિવિધ કાર્યક્રમોના સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અંતર્ગત ધમડાચી ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે. આ સ્થળે હેલિકોપ્ટર દ્વારા પુષ્પ વર્ષા કરાશે તેમજ પોલીસ બેન્ડ રાષ્ટ્રગીત રજૂ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપશે. આ ઉપરાંત ડાંગી નૃત્ય, ગરબા અને દેશભક્તિ ગીતો રજૂ કરાશે. પોલીસ દ્વારા એસ.ડી.આર.એફ./ એમ.ટી.એફ. નો ડેમો, પોલીસ તાલીમનો ડેમો, મહિલા



રાયફલ ડ્રીલ, મોટર સાયકલ સ્ટંટ શો, ડોગ શો, અશ્વ શો અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થશે. રાજયકક્ષા સ્વાતંત્ર્ય પર્વ ઊજવણી અવસરે કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે. કાર્યક્રમ સુપેરે પાર પડે તે હેતુસર બનાવાયેલી વિવિધ સમિતિઓ દ્વારા તેમને સોંપાયેલી તમામ કામગીરીઓ પૂર્ણતા આરે છે. જિલ્લાની સરકારી ઈમારતોને પણ રોશનીથી શણગારી દેવામાં આવી છે. શહેરના માર્ગો અને જાહેર સ્થળો ઉપર સફાઈ અને રંગરોગાનની કામગીરી પણ કરવામાં આવી રહી છે. વલસાડના નાગરિકોમાં પણ આ પર્વને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ન્યુઝ બોક્ષ

### સૌથી લાંબો ધ્વજ રાજકોટમાં, ૨૫૦ ફૂટ લાંબો છે તિરંગો




। રાજકોટ, તા.૧૩ ।

રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટ આવી રહી છે ત્યારે રંગીલા રાજકોટવાસીઓ દેશભક્તિના રંગે રંગાયા છે. રાજકોટમાં સૌરાષ્ટ્રમાં સૌથી લાંબો તિરંગો લહેરાવવામાં આવ્યો છે. ઉત્સવ પ્રિય ગણાતા રાજકોટના લોકોમાં અત્યારે દેશભક્તિનો રંગ ખીલ્યો છે. સમગ્ર રાજકોટ રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગસ્ટના તહેવાર નિમિત્તે દેશભક્તિના રંગમાં રંગાયુ છે. રાજકોટમાં સૌરાષ્ટ્રનો સૌથી ઊંચો તિરંગો લાગ્યો છે. રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રોડ પર આવેલા સિલ્વર હાઈટ્સમાં ૨૫૦ ફૂટ લાંબો તિરંગો લાગ્યો છે. આ તિરંગાની પહોળાઈ ૨૪ ફૂટ છે ૨૨ માળની આ ઈમારતમાં આ તિરંગો લહેરાઈ રહ્યો છે. એક કિલોમીટર દૂરથી લોકો આ તિરંગાને જોઈ શકે છે. રાજકોટના ૧૫૦ ફૂટ રોડ પરથી દિવસ દરમિયાન હજારો લોકો ઓવર જેવર કરતા હોય છે ત્યારે આ તિરંગા ને જોઈને રાજકોટ વાસીઓ પણ ગર્વની લાગણી અનુભવે છે તો કેટલાક લોકો ભારત માતાકી જય અને વંદે માતરમ ના નાત પણ આ તિરંગા ને જોઈને લગાવી છે. રાજકોટમાં લોકો પોતપોતાના ઘર ઉપર તિરંગો ફરકાવી રહ્યા છે. ત્યારે રાજકોટની સૌથી મોટી બિલ્ડીંગ ગણાતી સિલ્વર હાઈટસના એસોસિયેશન દ્વારા આથી રંગો લહેરાવવામાં આવી રહ્યો છે. સ્વતંત્ર પર્વના ત્રણ દિવસ અગાઉથી જ આ તિરંગો લહેરાવવામાં આવી રહ્યો છે. સિલ્વર હાઈટસ્ એસોસિએશન દ્વારા ખાસ અઢીસો ફૂટ લાંબો તિરંગો તૈયાર કરવામાં આવી રહ્યો છે. છેલ્લા બે વર્ષ થયા રાષ્ટ્રીય પર્વ પર આ તિરંગો આ સિલ્વર હાઈટ્સ પર લહેરાવવામાં આવી રહ્યો છે.

### ગિરનાર રોપ-વેની સેવા હાલ બંધ કરવામાં આવી છે

। જૂનાગઢ, તા.૧૩ ।

હાલ ચોમાસાની સીઝન ચાલી રહી છે, અને લોકો કૃદરતી હરિયાળી માણવા ગિરનાર જેવા સ્થળોએ પહોંચી રહ્યા છે, ત્યારે એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. સૌરાષ્ટ્ર દર્શન માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચી રહ્યા છે. જંગલ, દરિયો અને પર્વતો સહિતના ફરવા લાયક સ્થળો અહીં આવેલા છે. જેમાંથી એક જુનાગઢ પણ છે. અહીં બનાવવામાં આવેલા રોપ-વેના કારણે તેનું આકર્ષણ વધ્યું છે. જોકે, ભારે પવનના કારણે રોપ-વે સેવા બંધ રાખવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. સોરઠ પંથકમાં છેલ્લા ઘણા દિવસથી વરસાદના ઝાપટાં અને ભારે પવન ફુંકાય રહ્યો છે. તેના લીધે જુનાગઢમાં ગિરનાર રોપ-વેની સેવા પ્રવાસીઓની સલામતી માટે બંધ કરવામાં આવી છે. ભારે પવનને લીધે રોપવે સેવા બંધ હોવાથી રોપ-વેની મજા માણવા આવતા પ્રવાસીઓમાં નિરાશા જોવા મળી રહી છે. પવનની ગતિમાં ઘટાડો નહીં થાય ત્યાં સુધી રોપવે સેવા બંધ રહે તેવી શક્યાતાઓ રહેલી છે. જાણવા મળી રહ્યું છે કે, જૂનાગઢમાં હવામાન ખરાબ હોવાના કારણે તેમજ ગિરનાર પર્વત ઉપર ૯૦થી ૧૧૦ કિ.મી.ની ઝડપે હાલ પવન ફૂંકાઈ રહ્યો છે.





હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત ઘાટલોડિયાથી નિર્ણય નગર સુધી તિરંગા યાત્રા નીકળી હતી.

### સીઆર પાટીલે નામ લીધા વગર વિરોધીઓને આપી ચેતવણી

# મોટી જવાબદારી મળે એટલે પોતાને સંસ્થાથી ઉપર ન સમજવું : પાટીલ

## જવાબદારી મળે તેના માટે સક્ષમ બનવાનો પ્રયાસ કરવો જોઈએ : આવું ના થાય તો લોકો સ્પર્ધામાં ઉતરી જાય છે

। સુરત, તા.૧૩ ।

સુરતમાં એક કાર્યક્રમ દરમિયાન ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે વિરોધીઓને ચેતવણી આપી છે. નામ લીધા વગર સીઆર પાટીલે મંચ પરથી આ ચેતવણી આપી હતી. નામમ લીધા વગર પાટીલે વિરોધીઓને સલાહ આપતા જણાવ્યું કે, પોતાને સંસ્થાથી ઉપર ના સમજવું. તમે સક્ષમ છો એટલે જવાબદારી મળી એવું સમજવું. સક્ષમ છો તો તમને જ જવાબદારી મળે તેવો આગ્રહ ના રાખવો. જવાબદારી મળે તેના માટે સક્ષમ બનવાનો પ્રયાસ કરવો જોઈએ. આવું ના થાય તો કેટલીક વખત લોકો સ્પર્ધામાં ઉતરી જાય છે. સક્ષમ હોવા છતા જવાબદારી ન આપી તેવા ભાવ ના હોવા જોઈએ. નિરાશા થાય તેની મન અને શરીર પર અસર થાય છે.



સુરતમાં લાયન્સ ઈન્ટરનેશનલ દ્વારા શંખનાદનો કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સીઆર પાટીલની ઉપસ્થિતિમાં લાયન્સની ૨૦મી નવી ડીસ્ટ્રીક કેબિનેટ શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં લાયન્સ કમિટીના વિવિધ સભ્યો સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે કાર્યક્રમમાં સીઆર પાટીલનો વિરોધીઓને ગર્ભિત ઈશારો કર્યો હતો. તેઓએ નામ લીધા વગર વિરોધીઓને સખણા રહેવાની શિખામણ આપી હતી. સીઆર પાટીલે કહ્યું કે, સંસ્થાથી ઉપર સમજવું નહિ. તમે સક્ષમ છો એટલે જવાબદારી આપી છે એવું સમજવું નહિ. RSS માં પણ આજ સંસ્કાર આપવામાં આવે છે. તમે સક્ષમ છો એટલે જવાબદારી તમનેજ મેળવી જોઈએ તેવો આગ્રહ રાખવો નહિ. પરંતુ જે જવાબદારી મળે તેના માટે સક્ષમ બનવા પ્રયત્ન કરવો જોઈએ. જો આવું ન થાય તો કેટલીક વખત લોકો સ્પર્ધામાં ઉતરી જાય છે. હું સક્ષમ છું છતાં મને જવાબદારી ન આપી એવી ભાવના મનમાં થઈ જાય અને ત્યારે જો જવાબદારી નહીં મળે તો નિરાશ થાય છે. તેની અસર તેમના મન પર થાય છે શરીર પર થાય છે. પાટીલે વધુમાં કહ્યું કે, ૨૦૨૪ ચૂંટણી સુધી લગ્ન કે આવા કોઈ કાર્યકર્મમાં જઈશ નહીં. પણ લાયન્સ ગ્રુપના સભ્યોનો આગ્રહ હતો એટલે આવ્યો હતો.

### અમિત શાહની માણસાને કરોડોના વિકાસકામોની ભેટ

# માણસામાં અમિત શાહે નિઃશુલ્ક ભોજનાલયની શરૂઆત કરાવી

## માણસાથી ગાંધીનગરને જોડતા ૮૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ચાર માર્ગીય રોડ, માણસા નપાના સ્ટ્રીટ લાઈટનું ખાતર્મુહત

। માણસા, તા.૧૩ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે માણસાને કરોડોના વિકાસકામોની ભેટ આપી. આ તકે તેમણે જણાવ્યુ કે માણસાની લાઈબ્રેરી ન હોત તો આજે મારુ જીવન આવુ ન હોત. માણસાવાસીઓને આહ્વાન કર્યુ કે યુવાનોને લાઈબ્રેરી સાથે જોડજો, કોઈપણ દેશનું ભવિષ્ય કેટલા બાળકો શાળાએ જાય છે તેનાથી નક્કી ન થાય પરંતુ કેટલા યુવાનો લાઈબ્રેરીમાં જાય છે તેનાથી નક્કી થાય છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસના ગુજરાત પ્રવાસે છે. આજે બીજા દિવસે અમદાવાદમાં તિરંગા યાત્રા બાદ સંસદીય મતવિસ્તાર અને પોતાના વતન માણસા પહોંચ્યા હતા. માણસાથી ગાંધીનગરને જોડતા ૮૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ચાર માર્ગીય રોડ, માણસા નગરપાલિકાના સ્ટ્રીટ લાઈટ ખાતર્મુહત અને સબરજીસ્ટ્રાર કચેરી સહિતના કામોની ભેટ આપવામાં આવી. માણસામાં શાહે તેમના માતાની સ્મૃતિમાં નિઃશુલ્ક ભોજનાલયની શરૂઆત કરાવી. આ સાથે તેમણે સહપરિવાર ગરીબ પરિવારના બાળકો સાથે ભોજન પણ લીધુ હતું. વતન માણસા પહોંચેલા અમિત શાહે નગરપાલિકાના સાંસ્કૃતિક હોલમાં લોકોને સંબોધન કર્યુ હતું. જેમાં તેમણે વિપક્ષી ગઠબંધન પર કટાક્ષ કર્યો કે હમણાં આ લોકો અવિશ્વાસનો મત લઈને આવ્યા હતા, જોકે મોદી સાહેબે એમને એવા ધોઈ નાખ્યા કે તેઓ સાંભળવા પણ ઉભા ના રહ્યા. હમણાં કોંગ્રેસ-યુપીએ વાળાઓએ નામ બદલ્યું છે પરંતુ આપણે એમને યુપીએ વાળા તરીકે જ ઓળખવાના. આપણે ત્યાં નામ એ પેઢી બદલે કે જે નબળી પડી હોય, કોંગ્રેસનું પણ આવું જ છે. કોંગ્રેસ અને યુપીએ ગઠબંધને સાથે મળી ૧૨,૦૦૦ કરોડના ગોટાળા કર્યા છે. આપણે ત્યાં જૂની કહેવત હતી કે નવી બોટલમાં જૂની શરાબ. જો કે કોંગ્રેસવાળામાં જૂની જ બોટલ અને જૂનો જ દારૂ છે. ગમે એવું ગઠબંધન કરે ૨૦૨૪ માં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપની પ્રચંડ જીત નિશ્ચિત છે.

#### આપણી ગુજરાતી ભાષાને જીવંત રાખવાની જવાબદારી

ગાંધીનગરના માણસામાં આયોજીત કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહ્યા હતા. ત્યારે નાગરિકોના સંબોધનમાં અમિત શાહને ગુજરાતી ભાષાના મહત્વ અંગે વાત કરી હતી. તેમણે પશ્ચિમી સંસ્કૃતિના વધતા વ્યાપ સામે આપણી સંસ્કૃતિને બચાવવા માટે હાકલ કરી હતી. શાળાના બાળકોનું ઉદાહરણ આપતા અંગ્રેજી ભાષા સામે ગુજરાતી ભાષાના ઘટતા મહત્વને સમજાવ્યું હતું. ગુજરાતી ભાષાને જીવંત રાખવાની જવાબદારી આપણી હોવાનું પણ જણાવ્યું હતું. શાબ્દિક ટકોર કરી બાળકોને ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવા અંગે વાત કરી હતી.

### નેક્સસ અમદાવાદ વન અને ૮ પિન્સ દ્વારા ABCL-2023 અમદાવાદ બાઉલિંગ સોલો લિગ સફળતા પૂર્વત યોજાઈ

। અમદાવાદ, તા.૧૩ ।

પ્રથમ વખત બાઉલિંગ સોલો લિગનું આયોજન શહેરમાં નેક્સસ અમદાવાદ વન, ફનબ્લાસ્ટ ખાતે કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ફક્ત અમદાવાદથી જ નહીં પરંતુ સુરત, મુંબઈના મળી કુલ ૪૨ પ્લેયર્સે ભાગ લીધો હતો. જેથી અનુમાન લગાવી શકાય છે કે, આ ગેમ પ્રત્યે પ્લેયર્સમાં કેટલો ઉત્સાહ છે. બાઉલિંગમાં પ્લેયર્સે તેમનો જલવો બતાવ્યો હતો જેના આધારે જુદી-જુદી કેટગરીમાં વિજેતાઓને પ્રાઈઝ અપાયા હતા.

ફર્સ્ટ પ્રાઈઝ વિજેતાને ૫૦,૦૦૦ અને ટ્રોફી, સેકન્ડ આવરનારને ૩૦,૦૦૦ અને ટ્રોફી તેમજ થર્ડ વિજેતાને ૨૦,૦૦૦ અને ટ્રોફી એનાયત કરાઈ હતી તથા બિગીનર કેટેગરીમાં પણ ફર્સ્ટ વિજેતાને ૫,૦૦૦ના વાઉચર અને ટ્રોફી જ્યારે સેકન્ડ નંબર વિજેતાને પણ ૫,૦૦૦ અને ટ્રોફી એનાયત કરાઈ હતી. આમ પ્લેયર્સનો ઉત્સાહ વધારવામાં




આવ્યો હતો. આ સ્પોર્ટ્સ ઈવેન્ટ ક્રિએટ કરનાર ૮પિન્સના મનિશ મોટવાનીનું માનવું છે કે, બાઉલિંગને લોકો ફક્ત હોબી કે ફન વે તરીકે ન જોવે પરંતુ એક સેમી સ્પોર્ટ્સની જેમ જોવે તે જરુરી છે. તેમણે વધુમાં કહ્યું કે, આ વિઝન સાથે લોકોને જોડીને આ ક્ષેત્રે અમે સોલો લિગનું આયોજન કર્યું હતું.

જે ખૂબ જ સફળ થયું છે અને પાર્ટિસિપેન્ટ્સનો ઉત્સાહ પણ જોવા મળ્યો હતો. આગામી સમયમાં પણ ૮પિન્સ આ પ્રકારે સોલો અને ચેમ્પિયન્સ ટૂર્નામેન્ટનું આયોજન આ પ્રકારે કરશે. આ ઉપરાંત જેઓ સ્કિલ્ડ પ્લેયર્સ છે તેમને એક પ્લેટફોર્મ પણ આપવાનો અમારો ઉદ્દેશ્ય છે.

### વિદેશ જવાની પરીક્ષામાં નાપાસ થતા યુવકનું મોત

। સુરત, તા.૧૩ ।

અત્યારે ગુજરાતીઓમાં વિદેશ જવાનો ક્રેઝ ચરમસીમાએ પહોંચી ગયો છે. તેવામાં સુરતના એન્જિનિયરિંગ સ્ટુડન્ટે છેલ્લા ઘણા મહિનાઓથી વિદેશ જવાની તૈયારીઓ કરી હતી. જોકે આવી પરીક્ષામાં નાપાસ થઈ જતા તેણે જીવન ટૂંકાવી દીધું હતું. ઉલ્લેખનીય છે કે તેના પિતા હીરા ઘસવાનું કામ કરતા હતા. ત્યારે બિઝનેસમાં પણ આ યુવક નિષ્ફળ ગયો હોવાનો ઉલ્લેખ થતા તેણે સુસાઈડ કરી લીધું હતું. આ અંગે તણે પિતાને મેસેજ કર્યો અને ત્યારપછી જોવાજેવી થઈ હતી. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે સુરતના કતારગામમાં ડભોલી ચાર રસ્તા પાસે ધવલ કળથિયા નામનો યુવક રહેતો હતો. જ્યાં તે કેમિકલ એન્જિનિયરિંગગની માસ્ટર ડિગ્રી માટે દોઢ વર્ષથી ટ્યૂશન ક્લાસિસમાં જતો હતો.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય

# શહેરી વિસ્તારના માર્ગ સમારકામ માટે MLA ને બે કરોડની ગ્રાન્ટ મળશે

## ગ્રાન્ટ માર્ગ-મકાન વિભાગમાંથી ફાળવવામાં આવશે

। ગાંધીનગર, તા.૧૩ ।

શહેરી વિસ્તારના ધારાસભ્યોને શહેરી મત ક્ષેત્રોમાં માર્ગ મરામત-માર્ગ વિકાસના કામો માટે ૨૦૨૩-૨૪ ના વર્ષમાં ધારાસભ્ય દિઠ બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી વિસ્તારોમાં માર્ગ-રોડ રસ્તાના કામો માટે શહેરી વિસ્તારના ધારાસભ્યોને રૂ. બે કરોડની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના શહેરી મત વિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતાં ધારાસભ્યો પોતાના વિસ્તારમાં આ ગ્રાન્ટમાંથી માર્ગ મરામત અને માર્ગ વિકાસના કામો હાથ ધરી શકે તે હેતુસર ધારાસભ્ય દિઠ રૂ. બે કરોડની ગ્રાન્ટ ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે માર્ગ-મકાન વિભાગમાંથી ફાળવવામાં આવશે. મુખ્યમંત્રી સમક્ષ કરવામાં આવેલી દરખાસ્તનો સકારાત્મક પ્રતિભાવ આપતાં ભૂપેન્દ્ર પટેલે આ જન સુવિધાલક્ષી નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી શહેરી ક્ષેત્રોનાં માર્ગોનું નેટવર્ક વધુ સુગ્રથિત અને સુદ્રઢ બનશે. આમ શહેરી વિસ્તારમાં ઉબડ ખાબડ રસ્તાઓથી પરેશાન લોકોને હવે માર્ગની મરામત થતા રાહત સર્જાશે.રાજ્યમાં અનેક શહેરોમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ તૂટી જવાને લઈ મુખ્યપ્રધાને ઝડપથી રસ્તાઓનુ સમારકામ થાય અને વિસ્તારના જનપ્રતિનિધીની સીધી દેખરેખ હેઠળ થાયએ હેતૂથી ધારાસભ્યોને જ આ ગ્રાન્ટ ફાળવી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### અકસ્માત અંગે એક ચોંકાવનારી વાત સામે આવી

# ડ્રાઈવરને ઉજાગરો હોવાથી જોકું આવતાં અકસ્માત થયો

। અમદાવાદ, તા.૧૩ ।

૧૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ બાવળા-બગોદરા હાઈવે પર સર્જાયેલા ગોઝારા અકસ્માત અંગે એક ચોંકાવનારી વાત સામે આવી છે. પોલીસનું માનવું છે કે, ડ્રાઈવરને આખી રાતનો ઉજાગરો હોવાથી જોકું આવી જતાં અકસ્માત સર્જાયો હતો. ઉલ્લેખનીય છે કે, આ અકસ્માતના દિવસે કુલ ૧૦ લોકોના મોત થયા હતા. જો કે, બીજા દિવસે વધુ બે લોકોના મોત સાથે હવે કુલ મૃત્યુઆંક ૧૨ પર પહોંચ્યો છે.

શુક્રવારે કપડવંજ અને બાલાસિનોરના ૨૩ લોકોને બગોદરા પાસેના મીઠાપુર પાટિયા પાસે અકસ્માતને નડ્યો હતો. જેમાં ગંભીર રીતે ઈજા પામેલા લોકોને અસારવા સિવિલ જ્યારે સામાન્ય ઈજાગ્રસ્તોને સોલા સિવિલમાં સારવાર અપાઈ હતી. અસારવા સિવિલમાં ૩ લોકોને ગંભીર હાલતમાં ખસેડાયા બાદ શુક્રવારે રાતે ડ્રાઈવર પ્રવિણભાઈ ઉર્ફે પરેશભાઈના મોત બાદ આરબીબેન સોલંકીનું પણ મોત થતાં અકસ્માતમાં કુલ મૃત્યુઆંક ૧૨ થયો છે.

પત્રકાર નિમવાના છે...

આણંદ, ખેડા, વડોદરા જિલ્લામાં માનદ્ પત્રકારો નિમવાના છે..

મનિષ પ્રજાપતિ મો. 70966 59890

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર

CNN CHANNEL NINE NETWORK GUJARAT

ઉપાડો ફોન 9800708900

આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો

આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો

દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...

cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છાપી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨